dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 259 | AD - 2026, Jeth Sud -11 | Thursday, Dt. 25-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### અંધેરી સબ-વે સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થતા વાહનવ્યવહાર માટે અસ્થાયી રૂપે બંધ કરાયો

## મુંબઈમાં ધોધમાર વરસાદથી જનજીવન ખોરવાયુ

મુંબઈ,તા.૨૪

મુંબઈમાં ચોમાસાના સત્તાવાર આગમનના શરૂઆતના ચોવીસ કલાકમાં જ સ્થાનિક નાગરિકોની મુશ્કેલીઓમાં ભારે વધારો જોવા મળ્યો છે. મંગળવારે સવારે આઠ વાગ્યાથી લઈને બુધવારે સવારે સાત વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન મલવણી ફાયર સ્ટેશન વિસ્તારમાં ત્રણસો ચોંત્રીસ મિલીમીટર અને એફ-સાઉથ વોર્ડમાં ત્રણસો અઠ્ઠાવીસ મિલીમીટર જેટલો ભારે વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત શહેરના અન્ય સત્તાવીસ જેટલા જુદા જુદા વિસ્તારોમાં પણ બસોથી ત્રણસો મિલીમીટરની વચ્ચે ધોધમાર વરસાદ ખાબક્યો છે. વરસાદના આ પ્રકોપને કારણે મુંબઈનો અંધેરી સબ-વે સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયો છે, જેના લીધે વાહનવ્યવહાર માટે તેને અસ્થાયી રૂપે બંધ કરવાની ફરજ પડી છે. બીજી તરફ વિક્રોલી વેસ્ટ વિસ્તારમાં આવેલી એક રહેણાંક ઈમારતની નજીક બનેલી પ્રોટેકશન એટલે કે રીટેનિંગ વોલ અચાનક ધરાશાયી થઈ ગઈ છે. હવામાન વિભાગ દ્વારા હાલમાં મુંબઈ અને પાલઘર જિલ્લા માટે વરસાદનું રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે થાણે, રાયગઢ અને સિંધુદુર્ગ જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.બીજી તરફ દેશના સાત મહત્વના રાજ્યો મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, પંજાબ, હિમાચલ પ્રદેશ, હરિયાણા અને દિલ્હીમાં પ્રી-મોન્સુન વરસાદની પ્રક્રિયા સતત ચાલુ છે. મધ્ય પ્રદેશના



સત્તર જિલ્લાઓમાં મંગળવારે સારો એવો પ્રી-મોન્સુન વરસાદ નોંધાયો છે, જ્યારે બિહારમાં આકાશી વીજળી પડવાની કમનસીબ ઘટનાઓમાં ત્રણ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. રાજસ્થાન રાજ્યમાં પહેલી જૂનથી એકવીસ જૂન સુધીના સમયગાળામાં સામાન્ય કરતાં એકતાલીસ ટકા વધુ વરસાદ નોંધાયો છે. આ ચોક્કસ સમયગાળા દરમિયાન ત્યાં સામાન્ય વરસાદ અઠ્ઠાવીસ મિલીમીટર જેટલો હોય છે, પરંતુ આ વર્ષે ચાલુ સિઝનમાં અત્યાર સુધીમાં સરેરાશ ઓગણચાળીસ પોઈન્ટ ત્રણ મિલીમીટર જેટલો વરસાદ થઈ ચૂક્યો છે. ઉત્તર પ્રદેશના છ શહેરોમાં સાંજના સમયે સાઠ કિલોમીટર પ્રતિ કલાકની પ્રચંડ ઝડપે ધૂળભરી આંધી ચાલી હતી, જોકે પૂર્વીય ઉત્તર પ્રદેશના વિસ્તારોમાં હજુ પણ તેજ તડકો અને અસહ્ય ભેજવાળું વાતાવરણ યથાવત રહ્યું છે. બુધવારે મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, દિલ્હી, બિહાર અને ગુજરાતના અનેક શહેરોમાં દિવસનું તાપમાન ચાલીસ ડિગ્રી સેલ્સિયસ કરતાં પણ વધુ નોંધાયું છે. સમગ્ર દેશમાં સૌથી ઊંચો પારો ઉત્તર પ્રદેશના બાંદામાં તેતાલીસ પોઈન્ટ ત્રણ ડિગ્રી સેલ્સિયસ નોંધાયો છે, જ્યારે બિહારના બોધગયામાં ચાલીસ પોઈન્ટ આઠ ડિગ્રી, રાજસ્થાનના બીકાનેર, જેસલમેર અને બાડમેરમાં ચાલીસ પોઈન્ટ આઠ ડિગ્રી, ઝારખંડના ડાલ્ટનગંજમાં એકતાલીસ પોઈન્ટ બે ડિગ્રી, ગુજરાતના રાજકોટમાં ચાલીસ પોઈન્ટ પાંચ ડિગ્રી અને મધ્ય પ્રદેશના ખજુરાહોમાં ચાલીસ પોઈન્ટ ચાર ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યું છે. પૂર્વ ભારતના આસામ, મેઘાલય અને અરુણાચલ પ્રદેશમાં સતત બીજા દિવસે અતિભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.

## દિલ્હીમાં સેના ભવન નજીક મજૂર શિબિરમાં ભીષણ આગ લાગતા ૨૦૦ ઘરો બળીને ખાખ

**સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ ન થતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો**

નવી દિલ્હી,તા.૨૪



નવી દિલ્હીના ઉદ્યોગ ભવન અને સેના ભવન વિસ્તાર નજીક આવેલી એક મજૂર શિબિરમાં વહેલી સવારે ૩:૦૨ વાગ્યે ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં મજૂરો માટેના આશરે ૨૦૦ કામચલાઉ રહેઠાણો (ટીન-શેડ) બળીને ખાખ થઈ ગયા હતા. સેન્ટ્રલ વિસ્ટા પુનર્વિકાસ પ્રોજેક્ટ હેઠળ અહીં ઉદ્યોગ ભવનને તોડી પાડવાનું કામ ચાલી રહ્યું હોવાથી આ શિબિર બનાવવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડના ૨૦ થી ૨૫ વાહનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ફાયર ઓફિસર સંદીપ દુગ્ગલના જણાવ્યા અનુસાર, શિબિરમાં નાના એલપીજી સિલિન્ડરો અને ખુલ્લા વીજળીના વાયરો હોવાને કારણે આગ ઝડપથી ફેલાઈ હતી. પ્રાથમિક તપાસ મુજબ, ઈલેક્ટ્રિકલ પેનલમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની આશંકા છે. લગભગ ત્રણ કલાકની ભારે જહેમત બાદ સવારે ૫:૩૦ વાગ્યા સુધીમાં આગ પર કાબુ મેળવી લેવાયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ મોટા પ્રમાણમાં ઘરવખરીનો સામાન બળી ગયો છે. તાજેતરમાં જ માલવિયા નગરમાં લાગેલી આગ બાદ આ ઘટનાથી સ્થાનિકોમાં ભયનો માહોલ છે.

## કોલકાતામાં નિર્માણાધીન ગોડાઉનનો વિશાળ શેડ તૂટી પડતાં પાંચનાં મોત

કોલકાત્તા,તા.૨૪



પશ્ચિમ બંગાળના દક્ષિણ કોલકાતાના તારાતલા ટ્રાન્સપોર્ટ ડેપો નજીક બુધવારે બપોરે લગભગ ૧:૩૦ વાગ્યે એક નિર્માણાધીન ગોડાઉનનો વિશાળ શેડ અચાનક તૂટી પડતાં ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં પાંચ લોકોના મોત થયાની પુષ્ટિ થઈ છે, જ્યારે ૫૦થી ૫૫ લોકો કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પ્રશાસન અને બચાવ દળો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા.

અધિકારીઓના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં ચાર લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે. સ્થાનિક લોકોના કહેવા મુજબ દુર્ઘટના સમયે ગોડાઉનમાં કોંક્રિટ ઢાળવાનું કામ ચાલી રહ્યું હતું, ત્યારે અચાનક શેડ ધરાશાયી થતાં મજૂરો અને કર્મચારીઓ કાટમાળ નીચે ફસાઈ ગયા હતા. બચાવ કામગીરીમાં કોલકાતા પોલીસ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ગ્રુપ, સિવિલ ડિફેન્સ, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ તેમજ સેનાની ટીમો જોડાઈ છે. ભારે કાટમાળ અને લોખંડના સળિયા દૂર કરવા માટે ક્રેન મંગાવવામાં આવી છે, જ્યારે ગેસ કટરની મદદથી વાંકડિયા થયેલા લોખંડના સળિયા કાપવાની કામગીરી ચાલી રહી છે. કાટમાળમાં ફસાયેલા લોકોની ચીસો સંભળાતી હોવાથી બચાવ દળો ઝડપથી કામગીરી આગળ વધારી રહ્યા છે. પ્રશાસન દ્વારા તમામ સંભવિત લોકોને સલામત રીતે બહાર કાઢવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

### નાઈટ ક્લબોમાં ડ્રગ્સની કમાણીનું રોકાણ હોવાની શંકાને લઈ

## મુંદ્રા પોર્ટ ડ્રગ્સ કેસમાં દિલ્હીમાં EDના દરોડા

મુંદ્રા પોર્ટ,તા.૨૪

ગુજરાતના મુંદ્રા પોર્ટ પરથી ઝડપાયેલા દેશના સૌથી મોટા ડ્રગ્સ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા દિલ્હીમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ઈડીની ટીમોએ દિલ્હીમાં પાંચ અલગ-અલગ સ્થળો પર આકસ્મિક દરોડા પાડ્યા છે. આ આખી કાર્યવાહી અંદાજે રૂ.૨૧,૦૦૦ કરોડની કિંમતના ૩,૦૦૦ કિલોગ્રામ હેરોઈનની તસ્કરી સાથે જોડાયેલા મની લોન્ડરિંગ નેટવર્ક અને તેના દ્વારા થયેલી કમાણીના રોકાણને શોધવા માટે કરવામાં આવી છે. તપાસ એજન્સીને એવી આશંકા છે કે ડ્રગ્સના આ



ગેરકાયદેસર કાળા નાણાંને ધોળા કરવા માટે દિલ્હીની જાણીતી નાઈટ ક્લબોમાં મોટા પાયે રોકાણ કરવામાં આવ્યું હતું. બુધવારે પાડવામાં આવેલા આ દરોડામાં મુખ્યત્વે બે શંકાસ્પદ વ્યક્તિઓ-હરપ્રીત સિંહ તલવાર અને શમ્સુદીન તેમજ તેમના સહયોગીઓના ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા છે.




## કોલકાતામાં મુઘલ, પઠાણ અને બ્રિટિશ શાસકોના નામ વાળા રસ્તાઓ બદલાશે : સીએમ સુવેન્દુ અધિકારી

કોલકત્તા,તા.૨૪



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ વિધાનસભામાં જાહેરાત કરી છે કે કોલકાતામાં મુઘલો, પઠાણો કે બ્રિટિશ શાસકોના નામ પર કોઈ રસ્તા કે વિસ્તાર નહીં રહે. તેમણે નામોની સમીક્ષા કરવા માટે સ્વામી પ્રદીપાનંદ મહારાજ (કાર્તિક મહારાજ) ના નેતૃત્વમાં એક સમિતિની રચના કરી છે. તાજેતરમાં પાર્ક સર્કસના 'સુહરાવર્દી એવન્યુ' નું નામ બદલીને 'ગોપાલ મુખર્જી રોડ"કરાતાં વિપક્ષી નેતા ઋતબ્રત બેનર્જીએ ઈતિહાસ વિકૃત કરવાનો આરોપ લગાવ્યો હતો. બેનર્જીના મતે આ નામ ૧૯૩૨માં ડૉ. સર હસન સુહરાવર્દીના નામ પરથી રખાયું હતું. જોકે, મુખ્યમંત્રીએ આ ફેરફારને ઐતિહાસિક ભૂલનું સુધારણા ગણાવ્યું અને સ્પષ્ટ કર્યું કે સિસ્ટર નિવેદિતા કે એપીજે અબ્દુલ કલામ જેવા દેશભક્તો સિવાય કોઈ વિદેશી કે જુલમી શાસકોના નામ રાખવામાં આવશે નહીં.

## કોંકરોચ જનતા પાર્ટીનું દિલ્હીમાં સતત ચોથા દિવસે ધરણા પ્રદર્શન

નવી દિલ્હી,તા.૨૪



કોકરોચ જનતા પાર્ટીએ મંગળવારે દિલ્હીના જંતર-મંતર પર સતત ચોથા દિવસે પોતાનું ધરણા-પ્રદર્શન ચાલુ રાખ્યું હતું. આ દરમિયાન દીપકે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના 'આતંકવાદીઓની B ટીમ' વાળા નિવેદનનો આકરા શબ્દોમાં જવાબ આપ્યો હતો. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે જ્યારે તેઓ આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓ માટે ન્યાયની માગ કરી રહ્યા છે, ત્યારે મંત્રી તેમને આતંકવાદી કહી રહ્યા છે. અન્ય એક નેતા અભિજીતે પણ શિક્ષણ મંત્રીની ટીકા કરતા જણાવ્યું હતું કે દેશના યુવાનોને આતંકવાદી કહેવામાં આવી રહ્યા છે અને તેમને આવા લોકો પાસેથી દેશભક્તિના પ્રમાણપત્રની કોઈ જરૂર નથી. ત્યારબાદ દીપકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર વધુ એક પોસ્ટ કરીને આક્ષેપ કર્યો હતો કે શિક્ષણ મંત્રીના હાથ ૧૭થી વધુ વિદ્યાર્થીઓના લોહીથી રંગાયેલા છે. બીજી તરફ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને એક ઈન્ટરવ્યૂમાં વળતો પ્રહાર કરતા કહ્યું હતું કે જેમને લોકશાહીમાં નકારી કાઢવામાં આવ્યા છે, તેઓ વેશ બદલીને આવ્યા છે અને સિસ્ટમને નુકસાન પહોંચાડી રહ્યા છે.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરૂવાર, તા.૨૫-૦૬-૨૦૨૬

ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે

# કુંકાવાવ તાલુકાની શાળાઓમાં ભુલકાઓને પ્રવેશ અપાયો



અમરેલી,તા.૨૪

ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ કુંકાવાવ તાલુકાના ઈશ્વરીયા, બાંભણીયા અને દડવા રાંદલ ગામોની સરકારી પ્રાથમિક શાળાઓમાં યોજાયેલા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવમાં હાજરી આપી હતી. તેમણે બાલવાટિકા, આંગણવાડી તથા ધોરણ-૧ના બાળકોને ઉત્સાહભેર પ્રવેશ અપાવી નામાંકન કરાવ્યું હતું. ઈશ્વરીયા ગામે બાલવાટિકામાં ૧૩ બાળકોનું નામાંકન કરવામાં આવ્યું હતું, જ્યારે બાંભણીયામાં બાલવાટિકાના ૮ અને આંગણવાડીના ૧૫ બાળકોનો પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. દડવા રાંદલ ખાતે પણ બાલવાટિકાના બાળકોનું નામાંકન કરવામાં આવ્યું હતું. નવા વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક કરીને અને મોઢું મીઠું કરાવીને શાળામાં સ્વાગત કરવામાં આવ્યું હતું.મંત્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ થયો છે. સરકારી શાળાઓમાં સ્માર્ટ ક્લાસ, કોમ્પ્યુટર લેબ સહિતની આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ બની છે. જિલ્લામાં ડ્રોપઆઉટ રેશિયો શૂન્ય કરવા માટે સરકાર સતત પ્રયત્નશીલ છે.કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ માર્ગ સલામતી, પર્યાવરણ સંરક્ષણ, જળ બચાવ અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ જેવા વિષયો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ પ્રસંગે શૈક્ષણિક કિટોનું વિતરણ, તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન તેમજ દાતાશ્રીઓના યોગદાનની કદર કરવામાં આવી હતી. અંતે સૌએ માર્ગ સલામતીના નિયમોનું પાલન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

# તહેવારોને અનુલક્ષીને લીલીયા પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલીંગ કરાયુ



લીલીયા,તા.૨૪

ભીમ અગિયારશ અને મોહરમ પર્વને ધ્યાનમાં રાખીને લીલીયા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ નાગરિકો સુરક્ષિત વાતાવરણમાં તહેવારોની ઉજવણી કરી શકે તે હેતુથી લીલીયા પોલીસે વિશેષ ફૂટ પેટ્રોલિંગ યોજ્યું હતું. પી.આઈ. એમ.ડી. સાળુંકેના માર્ગદર્શન હેઠળ અને પી.એસ. આઈ. વાય.એમ. જાડેજાની આગેવાનીમાં પોલીસ સ્ટાફે શહેરના મુખ્ય તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં પગપાળા પેટ્રોલિંગ કર્યુ હતું. પેટ્રોલિંગ દરમિયાન સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી અને અસામાજિક તત્વો પર નજર રાખવામાં આવી હતી. તહેવારો દરમિયાન શહેરમાં ભાઈચારો, શાંતિ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# નર્મદા સિમેન્ટ જાફરાબાદ વર્ક્સની CSR દ્વારા ૪ આંગણવાડીઓમાં આકર્ષક પેન્ટિંગ વર્ક



જાફરાબાદ,તા.૨૪

અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) પહેલ હેઠળ, નર્મદા સિમેન્ટ જાફરાબાદ વર્ક્સ દ્વારા પ્રાથમિક બાળ શિક્ષણને વધુ મજબૂત બનાવવાનો નવતર પ્રયાસ હાથ ધરાયો છે. બાળકોમાં શીખવાની સાથે સર્જનાત્મકતા વિકસે તેવા હેતુથી જાફરાબાદના લાઈટહાઉસ રોડ સ્થિત બે આંગણવાડી, વાપરિયા અને બાબરકોટ આંગણવાડી મળીને કુલ ૪ કેન્દ્રોમાં શૈક્ષણિક દ્રશ્યોનું આકર્ષક પેઈન્ટિંગ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરાયું છે.આ દ્રશ્ય આધારિત ચિત્રો બાળકોના માનસિક વિકાસમાં અને નિયમિત ઉપસ્થિતિ વધારવામાં ખૂબ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# બગસરામાં પ્રવેશોત્સવ દરમિયાન PGVCLની બેદરકારીથી વિદ્યાર્થીઓ અને અધિકારીઓ પરેશાન

**પૂર્વ જાણ હોવા છતાં રીપેરિંગના નામે સતત બે દિવસ વીજકાપ, સરકારી કાર્યક્રમમાં સર્જાઇ અવ્યવસ્થા**

બગસરા,તા.૨૪

બગસરા શહેરમાં રાજ્ય સરકારના મહત્વાકાંક્ષી શાળા પ્રવેશોત્સવ દરમિયાન PGVCLની ગંભીર બેદરકારી સામે આવી છે. ત્રણ દિવસીય કાર્યક્રમ દરમિયાન વીજ પુરવઠો અવિરત રાખવા માટે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા અગાઉથી લેખિત અને મૌખિક જાણ કરવામાં આવી હતી. તેમ છતાં, મંગળવાર અને બુધવારે સવારે સીટી ફીડરમાં રીપેરિંગના નામે વીજ પુરવઠો બંધ રાખવામાં આવ્યો હતો.

પરિણામે અનેક શાળાઓમાં ચાલી રહેલા પ્રવેશોત્સવ કાર્યક્રમો દરમિયાન અચાનક વીજળી ગુલ થતાં ભારે અવ્યવસ્થા સર્જાઈ હતી. ઉકળાટભર્યા વાતાવરણમાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને હાજર સરકારી અધિકારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. પૂર્વ જાણકારી હોવા છતાં જવાબદાર અધિકારીઓ દ્વારા યોગ્ય આયોજન ન કરાતા લોકોમાં રોષ ફેલાયો છે. સમગ્ર મામલે જવાબદારો સામે તપાસ કરીને કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.

# જાફરાબાદના લોઠપુર ગામે દુકાનમાં આગથી ૧૨ લાખનું થયું નુકસાન

**રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાળાએ વધુ તપાસ શરૂ કરી**

જાફરાબાદ, તા.૨૪

જાફરાબાદના લોઠપુર ગામે કપડાંની દુકાનમાં આગ લાગવાથી ૧૨ લાખનું નુકસાન થયું હતું. આ બનાવ અંગે મૂળ અમદાવાદના ધોલેરા તાલુકાના ભડીયાદ ગામના અને હાલ લોઠપુર ગામે રહેતા જયદીપસિંહ પરમારે જાહેર કર્યું હતું કે, તેમની દુકાનમાં કોઈ કારણસર આગ લાગતાં રેડીમેડ કપડાં, કપડાંના પાર્સલ, ફર્નિચર, ખુરશી, ટેબલ, એસી, પંખા તથા લાઈટ ફિટિંગ બળી જવાથી ૧૨ લાખ રૂપિયાનું નુકસાન થયું હતું. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી. એમ. વાળા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# પીઠડીયા સેવા સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભામાં ૧૦ ટકા ડિવિડન્ડ આપવાની જાહેરાત



અમરેલી,તા.૨૪

પીઠડીયા સેવા સહકારી મંડળી લિ.ની વાર્ષિક સાધારણ સભા તા. ૨૨/૦૬/૨૦૨૬ ના રોજ મંડળીના પ્રમુખ અરવિંદભાઈ પીપળીયાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. સભામાં મોટી સંખ્યામાં સભાસદોએ હાજરી આપી હતી. મંડળીના મંત્રી ગોપાલભાઈ એમ. ભટ્ટીએ વર્ષ દરમિયાન મંડળી દ્વારા કરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓ, વિકાસકાર્યો, નાણાકીય સ્થિતિ તેમજ ભવિષ્યની યોજનાઓ અંગે વિગતવાર અહેવાલ રજૂ કર્યો હતો. સભાસદોએ મંડળીની કામગીરીને બિરદાવી હતી. સભામાં વર્ષ ૨૦૨૫-૨૬ના હિસાબો મંજૂર કરવામાં આવ્યા હતા તેમજ મંડળીના નફાને ધ્યાને લઈ સભાસદોને ૧૦ ટકા શેર ડિવિડન્ડ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાતને સભાસદોએ હર્ષભેર વધાવી લીધી હતી. આ પ્રસંગે મંડળી દ્વારા સભાસદોને ભેટ વિતરણ કરવામાં આવ્યું હતું.

# અમરેલીની ગજેરા સંકુલની સ્કૂલ-કોલેજમાં યોગ દિવસની ઉજવણી



અમરેલી,તા.૨૪

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કુલ-કોલેજ-હોસ્ટેલ, અમરેલી ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં તમામ વિદ્યાર્થીનીઓને યોગાભ્યાસ કરાવવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ આસનો અને પ્રાણાયામ દ્વારા ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ આરોગ્ય જાગૃતિ ફેલાવવાનો અને નિયમિત યોગ દ્વારા તંદુરસ્ત જીવનશૈલી અપનાવવાનો હતો.

# રામાયણી મોરારીબાપુના હસ્તે સાવરકુંડલાના માનવમંદિર ખાતે કન્યા છાત્રાલયનું લોકાર્પણ



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૨૪

સાવરકુંડલાથી પાંચ કિલોમીટર દૂર હાથસણી રોડ પર આવેલ માનવ મંદિર આશ્રમ છેલ્લા ૧૩ વર્ષથી રખડતી અને ભટકતી મનોરોગી મહિલાઓની વિનામૂલ્યે સારવાર કરીને તેમને પુનઃ સામાન્ય જીવન તરફ લાવવાનું સેવાકાર્ય કરી રહ્યો છે. આશ્રમના મહંત ભક્તિ બાપુએ ગ્રામ્ય વિસ્તારોમાં મંદિરોના પૂજારીઓના બાળકોને શિક્ષણની સુવિધા મળે તે હેતુથી ગયા વર્ષે કુમાર છાત્રાલય શરૂ કર્યું હતું. આ વર્ષે વિશ્વવંદનીય પૂજ્ય મોરારીબાપુના વરદહસ્તે સાધુ સમાજની દીકરીઓ માટે કન્યા છાત્રાલયનું લોકાર્પણ કરવામાં આવ્યું. પ્રસંગે અખિલ ભારતીય સાધુ સમાજના પ્રમુખ મુક્તાનંદ બાપુ, શેરનાથ બાપુ સહિત અનેક મહામંડલેશ્વરો, કથાકારો અને સાધુ-સંતો ઉપસ્થિત રહ્યા હતા. આશ્રમમાં સ્વસ્થ થયેલી મહિલાઓના નિમિત્તે ભંડારાનું પણ આયોજન કરાયું હતું.

# તુલસીશ્યામ રેન્જમાં સિંહોની પજવણીના વીડિયો મામલે વન વિભાગની કાર્યવાહી



અમરેલી,તા.૨૪

તુલસીશ્યામ રેન્જ હેઠળ સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા સિંહોની પજવણી દર્શાવતા વીડિયોની તપાસ દરમિયાન વન વિભાગે મહત્વપૂર્ણ કાર્યવાહી હાથ ધરી છે. ઈન્સ્ટાગ્રામ પર 'gir_no.romiyo' અને 'gir_no_sanjay189' નામની આઈડી પરથી અપલોડ કરાયેલા વીડિયોની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન આ બંને એકાઉન્ટના સંચાલક સંજય મોરવાડિયાને નોટિસ પાઠવી નિવેદન લેવામાં આવ્યું હતું. તેમના જણાવ્યા મુજબ વીડિયો અન્ય એકાઉન્ટમાંથી ડાઉનલોડ કરીને અપલોડ કરવામાં આવ્યા હતા અને ઘટના સ્થળ કે સમય અંગે તેમને કોઈ જાણકારી નહોતી.વન વિભાગની વધુ તપાસમાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમનો ભંગ કરતા ફોટા અને વીડિયો મળી આવ્યા હતા. સંજય મોરવાડિયા તેમજ અજય ચાવડાએ પોતાના નિવેદનમાં સંબંધિત ગુનાઓ સ્વીકાર્યા હોવાનું જણાવાયું છે.

# વડિયામાં નર્મદાની પાઈપલાઈનમાં લીકેજથી હજારો લિટર પાણીનો વેડફાટ



વડિયા,તા.૨૪

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક વડિયામાં ખાખરીયા રોડ પર આવેલી નર્મદાની પીવાના પાણીની પાઈપલાઈનમાં લીકેજ સર્જાતા હજારો લિટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. આ પાઈપલાઈન દ્વારા ઉપરવાસના ગામોમાં પીવાના પાણીની સપ્લાય કરવામાં આવે છે. લીકેજ પાઈપલાઈનના વાલ્વ પાસે થતાં પાણીના ફુવારા છૂટી રહ્યા છે, જેના કારણે નજીકના ખેતરોમાં પાણી ભરાઈ જવાની સ્થિતિ સર્જાઈ છે. વરસાદ વગર જ નર્મદાના નીરથી ખેતરો ભીના બન્યા હોવાનું જોવા મળી રહ્યું છે. પાણીના સતત વેડફાટને કારણે સ્થાનિકોમાં ચિંતા વ્યાપી છે. સંબંધિત તંત્ર દ્વારા લીકેજનું તાત્કાલિક સમારકામ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.









# રાજુલામાં વારંવાર વીજ પુરવઠો ખોરવાતા લોકોમાં ભારે આક્રોશ

**નવા અધિકારીની બેદરકારીથી વેપાર, ઉદ્યોગ અને સામાન્ય જીવન પ્રભાવિત**



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૨૪

રાજુલા શહેરમાં છેલ્લા કેટલાક મહિનાથી વીજ પુરવઠાની સ્થિતિ અત્યંત ખરાબ બની ગઈ છે. સ્થાનિક વેપારીઓ અને નાગરિકોના જણાવ્યા મુજબ નવા નિયુક્ત થયેલા અધિકારીની અણઆવડત અને બેદરકારીના કારણે રોજિંદા ધોરણે લાઈટ જતી રહે છે. શહેરમાં વારંવાર થતા વીજ વિક્ષેપથી વેપાર-ઉદ્યોગોને ભારે નુકસાન થઈ રહ્યું છે. આઈસ્ક્રીમ, શિખંડ, બાસુંદી અને ઠંડા પીણાંના વેપારીઓનો માલ બગડી રહ્યો છે, જ્યારે નાના અને મધ્યમ ઉદ્યોગોના ઉત્પાદન પર પણ અસર પડી રહી છે. ઉનાળાની ગરમીમાં વૃધ્ધો, બાળકો અને દર્દીઓ માટે મુશ્કેલીઓ વધી ગઈ છે.

નાગરિકોનો આક્ષેપ છે કે મેન્ટેનન્સ છતાં સ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. સ્થાનિક લોકો હવે ઉચ્ચ અધિકારીઓ, જનપ્રતિનિધિઓ અને સરકાર પાસે તાત્કાલિક હસ્તક્ષેપ કરીને વીજ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની માંગ કરી રહ્યા છે.

# લાઠી,બાબરા,દામનગરની શાળાઓમાં ધારાસભ્ય જનક તળાવીયાની હાજરીમાં વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાયો

લાઠી,તા.૨૪



રાજ્ય સરકારના શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ–૨૦૨૬ અંતર્ગત લાઠી-બાબરાની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશોત્સવ કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં દામનગરની એમ.સી. મહેતા હાઈસ્કૂલ, લાઠી શહેરની કલાપી હાઈસ્કૂલ અને બાબરાની કમળશી હાઈસ્કૂલ ખાતે નવા વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શાળાઓને રંગોળી, ફૂલહાર અને શૈક્ષણિક વાતાવરણથી સજાવવામાં આવી હતી. નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું તિલક કરી, ફૂલ અર્પણ કરી તેમજ મીઠાઈથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, શિક્ષણ એ વ્યક્તિના જીવનનું સૌથી મોટું સશક્તિકરણ છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા જ સમાજ અને રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ શક્ય બને છે. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ, પાઠ્યપુસ્તકો તેમજ જરૂરી શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને શાળાના નિયમો, અભ્યાસક્રમ અને વિવિધ સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# દામનગર ખાતે સવાણી પ્રા.શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ યોજાયો

દામનગર,તા.૨૪




શ્રીમતી નર્મદાબેન માધવરાય સવાણી પ્રાથમિક શાળા નં. ૨ (PM SHALA), દામનગર ખાતે તા. ૨૪-૦૬-૨૦૨૬, બુધવારે સવારે ૧૦:૦૦ કલાકે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે અમરેલીના કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ તથા લાઠીના પ્રાંત અધિકારી બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યાં હતા. શહેરના આગેવાનો, વાલીઓ, શિક્ષણપ્રેમીઓ અને સામાજિક કાર્યકરો બાળકોને પ્રોત્સાહિત કરવા હાજરી આપી હતી.

# લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક મળી

લીલીયા,તા.૨૪



આગામી સમયમાં આવી રહેલા ભીમ અગિયારસ અને મોહરમ જેવા તહેવારો શાંતિપૂર્ણ અને ભાઈચારાથી ઉજવાય તે હેતુથી લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક પીઆઈએમ.ડી. સાળુંકે ના અધ્યક્ષ સ્થાને અને પી.એસ.આઈ વાય.એમ.જાડેજાની ઉપસ્થિતિ માં યોજાઈ હતી. જેમાં સ્થાનિક વિસ્તારના બંને સમાજના અગ્રણીઓ, રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન પી.આઈ સાળુંકેએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ જાળવી રાખવા અંગે વિગતવાર ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, તહેવારો દરમિયાન કોઈ અફવાઓ પર ધ્યાન ન આપવું અને પરસ્પર સદભાવના જાળવી રાખવી. બંને સમાજના આગેવાનોએ પણ પોલીસ તંત્રને સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી હતી. આ તકે જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ, સરપંચ વિજય શેખલીયા, વિજય કોગથીયા, તુષાર ધોરાજીયા, જીવનભાઈ વોરા, સલીમભાઈ બેલીમ, સૈયદુબાપુ કાદરી, સહિતના સામાજિક રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગોપાલલાલ મહારાજની પંચોત્સવ પાટોત્સવ તિથિની ઉજવણી થશે

**સાવરકુંડલામાં વિશેષ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન**

સાવરકુંડલા,તા.૨૪

સાવરકુંડલાની લોહાણા મહાજન વાડી નીચેના વિભાગ ખાતે ગોપાલલાલ મહારાજની સંક્ષિપ્ત પંચોત્સવ પાટોત્સવ તિથિ નિમિત્તે તા. ૨૪ જૂન ૨૦૨૫, બુધવારે વિશેષ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જય શ્રી ગોપાલના પાવન નાદ સાથે યોજાનારા આ પાવન ઉત્સવમાં દિવસભર વિવિધ દર્શન અને ધાર્મિક વિધિઓ યોજાશે. મંગળા દર્શન, કેસરી સ્નાન, શૃંગાર દર્શન, કીર્તન સમાજ, રાજભોગ દર્શન, ઉત્થાપન દર્શન અને શયન દર્શન સહિતના કાર્યક્રમોમાં ભાવિકો મોટી સંખ્યામાં જોડાશે. શ્રી યમુનાજીના પયઃપાન અને તેલ તિલકની વિધિઓ પણ યોજાશે. સમગ્ર કાર્યક્રમને ભવ્ય, દિવ્ય અને ભક્તિમય વાતાવરણમાં ઉજવવા માટે વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે.

# બગસરા જેતપુર રોડ પરથી ૭૨૦ બોટલ દારૂ ઝડપાયો

બગસરા, તા.૨૪

બગસરા જેતપુર રોડ અજર અમર હનુમાન દાદાના મંદિર પાસેથી ૭૨૦ બોટલ દારૂ ઝડપાયો હતો. પોલીસે કુલ ૨,૨૨,૪૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જામકા ગામના યુવક પાસેથી દારૂની એક બોટલ મળી હતી. સાવરકુંડલામાં બે સ્થળેથી ૧૦ લીટર સહિત જિલ્લામાં ત્રણ સ્થળેથી ૧૧ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# વાંશિયાળીના ભાજપ અગ્રણી સામેના આક્ષેપો સત્ય: વિનોદ બગડા

અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લા પંચાયત સદસ્ય અને સામાજિક અગ્રણી પ્રકાશભાઈ પાનસુરીયા સામે વાંશિયાળી ગામના વતની વિનોદભાઈ બગડાએ આક્ષેપો કરતા પ્રકાશભાઈ પાનસુરીયાએ આ આક્ષેપોને નકારી કાઢ્યા હતા જો કે આ અંગે વિનોદભાઈ બગડાએ વધુમાં જણાવ્યુ છે કે પ્રકાશભાઈ પાનસુરીયા સામે જે આક્ષેપો કરવામાં આવ્યા હતા તે તમામ આક્ષેપો સાચા છે અને તેના આધારપુરાવા પણ તેમની પાસે હોવાનુ જણાવ્યું છે.

## અવસાન નોંધ

**બગસરા**

બગસરા નિવાસી શ્રીમાળી બ્રાહ્મણ હિતેષભાઇ નરેન્દ્રભાઈ ઓઝા ઉંમર વર્ષ ૪૮ તે કેતનભાઈ તથા સીમાબેનના મોટાભાઈનું તા ૨૩ ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.સદ્ગતનું બેસણું તા ૨૫ ને ગુરૂવાર સાંજે ૪ થી ૬ કલાકેના રોજ રાધે શ્યામ ધૂન મંડળ તિરૂપતિ નગર બગસરા ખાતે રાખેલ છે.









## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૮૧/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી હાદાભાઈ સાદુળભાઈ વાઘ
સરનામું :- મુ.જોલાપર તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - જોલાપર, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના જોલાપર મુકામે ના શ્રી હાદાભાઈ સાદુળભાઈ વાઘ એ તેમના પિતા નામે સ્વ. સાદુળભાઈ જીકારભાઈ વાઘ નું મરણ તા.૦૫/૦૩/૧૯૯૧, ના રોજ રાજુલા તાલુકાના જોલાપર મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી જે.કે.મજેઠીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૧૧/૦૫/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા






## -// જાહેર નોટીસ //-

તા. /૦૬/૨૦૨૬

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના જુનાગઢ જીલ્લાના વિસાવદર તાલુકાના પીંડાખાઈ-મોટી ગામના ખેડ ખાતા નંબર-૩૭૯ ના રેવન્યું સર્વે નંબર -૪૨/ પૈકી ૧/ પૈકી ૧/ પૈકી ૨/ પૈકી ૨ ની જમીન હે.૦-૮૦-૯૪ આરે ચો. મી.ખેતીની જમીન અમો શ્રી પરસોતમભાઈ કેશવભાઈ સાવલીયા એ વિસાવદર સબ રજી. કચેરીના રજી.વે.દ.અનુ. નં.૨૦૮, તા. ૨૨-૦૩-૨૦૧૨ થી શ્રી રતિલાલ પોપટભાઈ લુણાગરીયા પાસેથી વેચાણ રાખેલ છે. ત્યારથી સદરહું ખેતીની જમીન અમો શ્રી પરસોતમભાઈ કેશવભાઈ સાવલીયાની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટા હક્ક વ્યવસ્થા અધિકારની આવેલ છે.

સદરહું મિલ્કતને લગતા ઉતરોતર ટાઈટલના નીચે મુજબના અસલ દસ્તાવેજો અમો હાલ ના માલીક શ્રી પરસોતમભાઈ કેશવભાઈ સાવલીયા ના કબજામાં નથી. તેમજ સદરહું અસલ દસ્તાવેજ શોધવા છતા મળી આવતા નથી અથવા તો ગુમ થઈ ગયેલ છે. ખોવાયેલ છે. તેમ અમો હાલના માલીક જાહેર કરીએ છીએ. જે અસલ દસ્તાવેજો ગુમ થયેલ છે. તેની વિગત નીચે મુજબ છે.

**(૧) શ્રી રમેશભાઈ રવજીભાઈ જોધાણી જોગ શ્રી ધાધલ ભાભલુભાઈ હમીરભાઈ એ કરી આપેલ રજી.વે.દ.અનું.નં.૭૩૬, તા.૧૩-૦૬-૨૦૧૧ નો અસલ.**

**(૨) શ્રી ધાધલ ભાભલુભાઈ હમીરભાઈ જોગ શ્રી સરોજબેન દામોદરભાઈ ધોરડા એ કરી આપેલ રજી.વે.દ.અનું.નં.૧૨૨૪, તા.૧૬-૧૧-૨૦૧૦ નો અસલ.**

**(૩) શ્રી સરોજબેન દામોદરભાઈ ધોરડા જોગ શ્રી સોનાબેન બચુભાઈ શેખ એ કરી આપેલ રજી.વે.દ.અનું.નં.૩૭૮, તા.૧૨-૦૪-૨૦૧૦ નો અસલ.**

**(૪) શ્રી સોનાબેન બચુભાઈ શેખ જોગ શ્રી પોપટભાઈ અરજણભાઈ મકવાણા એ કરી આપેલ રજી.વે.દ.અનું.નં.૨૮૫, તા.૨૮-૦૪-૨૦૦૯ નો અસલ.**

ઉપરોકત દસ્તાવેજ કોઈના કબજામાં હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ૧૦ (દસ) માં અમારા સમક્ષ રજુ કરવા જણાવવામાં આવે છે, તેમજ ઉપરોકત મિલકતના માલીકી ટાઈટલ, કબજા પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હીત, હિસ્સો, અધિકાર લિયન બોજો હોય કે કોઈપણ બેંક કે સહકારી સંસ્થા કે મંડળી કે પ્રાઈવેટ ફાયનાન્સનું લેણુ હોય કે વારસાઈ હક્ક, લાગભાગ, દરદાવો, કરજ, બોજો, ગીરો, ભરણ-પોષણનો હક્ક કે અન્ય હીત, હીસ્સો સંકળાયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦(દસ) માં ઉપરોકત સરનામે દસ્તાવેજી પુરાવા સાથે લેખીતમાં જાણ કરવી, મુદત દરમ્યાન કોઈ વાંધા તકરાર નહી આવે તો કોઈને વાંધો તકરાર નથી અને હોય તો (WAIVE) જતો કરેલ છે. તેમ માની અમો સદરહું મિલકત/ખેતીની જમીન વેંચાણની આગળની કાર્યવાહી કરીશુ. અને સદરહું ગુમ થયેલ અસલ દસ્તાવેજ લાગુ પડતી કચેરીમાંથી સર્ટીફાઈડ નકલ કઢાવી લેશુ. અને ત્યારબાદ કોઈના હક્ક, દાવા અમોને બંધન કર્તા રહેશે નહી. જેની સર્વે એ સ્પષ્ટ નોંધ લેવી.

મું.વિસાવદર.
તા. -૦૬-૨૦૨૬

**શ્રી પરસોતમભાઈ કેશવભાઈ સાવલીયા**
**તે મારી સુચના અને ફરમાઈશથી**
**પરસોતમભાઈ કેશવભાઈ સાવલીયા**
**સરનામું-ઠે.''અત્રી'', આદર્શ નગર પાસે, જુનાગઢ. મો.નં.૯૭૨૭૪ ૫૯૧૩૯**

## -// જાહેર નોટીસ //-

તા. /૦૬/૨૦૨૬

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના જુનાગઢ જીલ્લાના વિસાવદર તાલુકાના પીંડાખાઈ-મોટી ગામના ખેડ ખાતા નંબર-૩૮૦ ના રેવન્યું સર્વે નંબર -૪૨/પૈકી ૧/પૈકી ૨ ની જમીન હે.૦-૮૬-૦૦ આરે ચો.મી.ખેતીની જમીન અમો શ્રી પરસોતમભાઈ કેશવભાઈ સાવલીયા એ વિસાવદર સબ રજી. કચેરીના રજી.વે.દ.અનુ. નં.૨૦૯, તા. ૨૨-૦૩-૨૦૧૨ થી શ્રી રતિલાલ પોપટભાઈ લુણાગરીયા પાસેથી વેચાણ રાખેલ છે. ત્યારથી સદરહું ખેતીની જમીન અમો શ્રી પરસોતમભાઈ કેશવભાઈ સાવલીયાની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટા હક્ક વ્યવસ્થા અધિકારની આવેલ છે.

સદરહું મિલ્કતને લગતા ઉતરોતર ટાઈટલના નીચે મુજબના અસલ દસ્તાવેજો અમો હાલ ના માલીક શ્રી પરસોતમભાઈ કેશવભાઈ સાવલીયા ના કબજામાં નથી. તેમજ સદરહું અસલ દસ્તાવેજ શોધવા છતા મળી આવતા નથી અથવા તો ગુમ થઈ ગયેલ છ, ખોવાયેલ છે. તેમ અમો હાલના માલીક જાહેર કરીએ છીએ. જે અસલ દસ્તાવેજો ગુમ થયેલ છે. તેની વિગત નીચે મુજબ છે.

**(૧) શ્રી વોરા જેન્તીભાઈ દેવજીભાઈ જોગ શ્રી રમેશભાઈ નાનજીભાઈ પરમાર એ કરી આપેલ રજી.વે.દ.અનું.નં.૬૦૪,તા.૨૫-૦૩-૨૦૦૮ નો અસલ.**

**(૨) શ્રી રમેશભાઈ નાનજીભાઈ પરમાર જોગ શ્રી રામજીભાઈ અરજણભાઈ તથા શ્રી પોપટભાઈ અરજણભાઈ એ કરી આપેલ રજી.વે.દ.અનું.નં.૫૦૫, તા.૦૭-૦૬-૨૦૦૪ નો અસલ.**

ઉપરોકત દસ્તાવેજ કોઈના કબજામાં હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ૧૦ (દસ) માં અમારા સમક્ષ રજુ કરવા જણાવવામાં આવે છે, તેમજ ઉપરોકત મિલકતના માલીકી ટાઈટલ, કબજા પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હીત, હિસ્સો, અધિકાર લિયન બોજો હોય કે કોઈપણ બેંક કે સહકારી સંસ્થા કે મંડળી કે પ્રાઈવેટ ફાયનાન્સનું લેણુ હોય કે વારસાઈ હક્ક, લાગભાગ, દરદાવો, કરજ, બોજો, ગીરો, ભરણ-પોષણનો હક્ક કે અન્ય હીત, હીસ્સો સંકળાયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦(દસ) માં ઉપરોકત સરનામે દસ્તાવેજી પુરાવા સાથે લેખીતમાં જાણ કરવી, મુદત દરમ્યાન કોઈ વાંધા તકરાર નહી આવે તો કોઈને વાંધો તકરાર નથી અને હોય તો (WAIVE) જતો કરેલ છે. તેમ માની અમો સદરહું મિલકત/ખેતીની જમીન વેંચાણની આગળની કાર્યવાહી કરીશુ. અને સદરહું ગુમ થયેલ અસલ દસ્તાવેજ લાગુ પડતી કચેરીમાંથી સર્ટીફાઈડ નકલ કઢાવી લેશુ. અને ત્યારબાદ કોઈના હક્ક, દાવા અમોને બંધન કર્તા રહેશે નહી. જેની સર્વે એ સ્પષ્ટ નોંધ લેવી.

મું.વિસાવદર.
તા. -૦૬-૨૦૨૬

**શ્રી પરસોતમભાઈ કેશવભાઈ સાવલીયા**
**તે મારી સુચના અને ફરમાઈશથી**
**પરસોતમભાઈ કેશવભાઈ સાવલીયા**
**સરનામું-ઠે.''અત્રી'', આદર્શ નગર પાસે, જુનાગઢ. મો.નં.૯૭૨૭૪ ૫૯૧૩૯**

# અમરેલીમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપના દિવસની ઉજવણી

અમરેલી,તા.૨૪



અમરેલી શહેરના ચક્કરગઢ રોડ સ્થિત માધવ પાર્ક સોસાયટી ખાતે આવેલા સિધ્ધનાથ મહાદેવ મંદિરના સાનિધ્યમાં તા. ૨૨ જૂન, ૨૦૨૬ના રોજ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળના સ્થાપના દિવસની ભાવભીની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત સામૂહિક રામધૂન, હનુમાન ચાલીસાના પાઠ તેમજ મહિલા બહેનો દ્વારા સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના પ્રાંત અધ્યક્ષ ડૉ. ગજેરા, પ્રાંત ઉપાધ્યક્ષ મનમુખભાઈ રૈયાણી, ઈન્ડિયા હેલ્પલાઈનના પ્રાંત અધ્યક્ષ ડૉ. દેસાણી, રાષ્ટ્રીય મજૂર પરિષદના પ્રાંત અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મંદિરના પૂજારી પરેશગીરી બાપુ, ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજના આગેવાનો તથા મહિલા મંડળની બહેનોએ પણ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્રસંગે સોસાયટી પ્રમુખ સુરેશભાઈ સોલંકીએ ભવિષ્યમાં એકમુખી અનાજ સંગ્રહ કાર્યક્રમ શરૂ કરવાની જાહેરાત કરી હતી.

# બાબરા પોલીસે કોટડાપીઠા ગામના મારામારી અને વ્યાજ વટાવના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપ્યો

બાબરા,તા.૨૪

બાબરા પોલીસ ટીમ દ્વારા ટેક્નિકલ અને હ્યુમન સોર્સની મદદથી છેલ્લા આઠ મહિનાથી નાસતા ફરતા આરોપી અશોકભાઇ ઉર્ફે ટીનાભાઇ બોરીચા (રહે. કોટડાપીઠા, હાલ જસદણ) ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

બાબરા કોર્ટ દ્વારા આ આરોપી વિરુધ્ધ BNSS કલમ ૭૨ મુજબનું વોરંટ જારી કરવામાં આવ્યું હતું.ગુનાની વિગત અનુસાર, આરોપીએ સાહેદ અફજલ સોલંકીને પાંચ ટકાના ઊંચા વ્યાજે રૂ. ૨.૫૦ લાખ આપ્યા હતા. સાહેદે



વ્યાજ સહિત રૂ. ૫ લાખ ચૂકવી દીધા હોવા છતાં અને તેમની ઠેંફ ગાડી લઈ ગયા બાદ પણ આરોપીએ પઠાણી ઉઘરાણી ચાલુ રાખી હતી. આરોપીએ ફરિયાદીની દુકાને આવી ગાળો આપી, કાતર અને લોખંડના ટેબલ વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી. આ સાથે જાનથી મારી નાખવાની ધમકી આપીને હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કર્યો હતો.

# સાવરકુંડલાના ગોરડકા ગામે ચક્કર આવતા કૂવામાં પડવાથી યુવાનનું મોત

સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલાના ગોરડકા ગામે વાડીએ ચક્કર આવતાં કૂવામાં પડી જવાથી એક પરપ્રાંતીય યુવાનનું મોત નીપજ્યું હતું. આ અંગે મૂળ મધ્ય પ્રદેશના રાહંગ્યાભાઈ કલેરીયાભાઈ સોલંકી (ઉ.વ. ૫૦) એ પોલીસમાં જાહેર કર્યા મુજબ, તેમનો પુત્ર શાંતિલાલ રાહંગ્યાભાઈ સોલંકી (ઉ.વ. ૨૧) ભાગી રાખેલી વાડીએ કુદરતી હાજતે ગયો હતો. શાંતિલાલને ખેંચની બીમારી હોઈ, અચાનક ચક્કર આવી જતાં તે બાજુમાં આવેલા ખુલ્લા કૂવામાં પડી ગયો હતો. કૂવામાં પડવાને કારણે માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.આ અકસ્માત અંગે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ પી. એ. ગોહીલ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# વડિયામાં સમગ્ર ભારતના ગળિયારા સમાજની મહત્વની બીજી બેઠક યોજાઇ

વડિયા,તા.૨૪

વડિયામાં સમગ્ર ભારતના ગળિયારા સમાજની બીજી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઐતિહાસિક મિટિંગમાં દેશના વિવિધ પ્રદેશો અને વિસ્તારોમાંથી સમાજના અગ્રણીઓ, પ્રતિષ્ઠિત બિઝનેસમેન તેમજ આમંત્રિત મહેમાનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન સમાજના ઉત્થાન માટે રચનાત્મક ચર્ચાઓ થઈ હતી, જેમાં મુખ્યત્વે બદલાતા સમય સાથે સમાજમાં વ્યાપેલા કુરિવાજોમાં સુધારા લાવવા અંગે સહમતી સધાઈ હતી. સમાજના સર્વાંગી વિકાસ માટે આધુનિક અને પ્રગતિશીલ વિચારો અપનાવવા પર ભાર મૂકાયો હતો નવી પેઢીને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી દેશ અને સમાજના



વિકાસમાં ભાગીદાર બનાવવા વિશે વિસ્તૃત રોડમેપ તૈયાર કરાયો હતો. સમાજનું નામ રોશન કરનાર સફળ બિઝનેસમેનનું આ પ્રસંગે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. વડિયાના જાણીતા રસોયા મહમદભાઈ દ્વારા તમામ મહેમાનો માટે ભોજનની ઉત્કૃષ્ટ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત, મહમદભાઈના વિશેષ ઉત્સાહ અને સહયોગથી વડિયાના મિત્રવર્તુળ માટે પણ એક ખાસ ભોજન સમારંભનું આયોજન કરાયું હતું.

# અમરેલીમાં ટ્રાફિકને અડચણરૂપ વાહનો અને લારીઓ સામે પોલીસની લાલ આંખ

અમરેલી, તા. ૨૪

અમરેલી શહેરમાં જાહેર માર્ગો પર આડેધડ વાહનો પાર્ક કરીને અને લારીઓ ઊભી રાખીને ટ્રાફિક વ્યવસ્થા ખોરવતા તત્વો સામે પોલીસે કડક હાથે કામગીરી શરૂ કરી છે. જાહેર રોડ પર ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે વાહનો પાર્ક કરવા અને લારીઓ ઊભી રાખવા બદલ પોલીસે અલગ-અલગ જગ્યાએથી કુલ ૧૧ શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.જાહેર જનતાની અવરજવર અને વાહન વ્યવહારમાં અવરોધ ઊભો કરતા કુલ ૭ વાહનો અને ૪ લારી ધારકો સામે જાહેરનામા ભંગ અને ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન હેઠળ ગુનાઓ નોંધવામાં આવ્યા છે. અમરેલી પોલીસ દ્વારા આગામી દિવસોમાં પણ ટ્રાફિક સમસ્યા નિવારવા અને આડેધડ પાર્કિંગ કરનારાઓ સામે આ પ્રકારની કડક ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે તેવી ચીમકી આપવામાં આવી છે.

# જાફરાબાદમાં લક્ષ્મીજી અને હનુમાનજીની મૂર્તિપ્રતિષ્ઠાનો મહોત્સવ સંપન્ન

જાફરાબાદ,તા.૨૪



તસવીર : બાબુભાઈ વાઢેળ

જાફરાબાદમાં મફતપ્લોટ, કોળીવાડા વિસ્તારમાં શ્રી ગણેશ મંદિરે ગણેશ ગ્રુપ અને મહિલા મંડળના સંયુક્ત આયોજન હેઠળ શ્રી લક્ષ્મીજી તથા શ્રી હનુમાનજી મહારાજના દ્વિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જાફરાબાદના કૃપાસિંધુ હનુમાનજી મંદિરથી ભવ્ય શોભાયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. શોભાયાત્રા દરમિયાન ICICI બેન્ક તેમજ ગિરિરાજ ચોક ખાતે ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. ત્યારબાદ શોભાયાત્રા ગણેશ મંદિરે પહોંચી હતી. આ શોભાયાત્રામાં આગેવાનો, વેપારી એસોસીએશન તેમજ ભક્તોની ભારે જનમેદની ઉમટી હતી. આ ઉપરાંત રાત્રે ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રિયાબેન શિંગડ, કિરીટબાપુ ગોસ્વામી અને લોકસાહિત્યકાર નિરૂભા ગઢવી દ્વારા ભજન, લોકસાહિત્ય અને સાંસ્કૃતિક રસધાર પીરસવામાં આવી હતી. આ પ્રસંગે તપોવન ટેકરીના મહંત પરમ પૂજ્ય ૧૦૦૮ તપસ્વીબાપુના આશીર્વચન પ્રાપ્ત થયા હતા. ઉપરાંત શીતળામાતા મંદિરના મહંત ૧૦૦૮ ઓધવજી મહારાજ તેમજ ખંઢેરા હનુમાનજી મંદિરના મહંતશ્રી ગોમતીદાસ મહારાજ ઉપસ્થિત રહ્યા હતા. સંત-મહંતો, આગેવાનો, ભક્તો અને દાતાઓનો ગણેશ ગ્રુપના પ્રમુખ અજીતભાઈ ચુડાસમા તથા રાકેશભાઈ ચૌહાણે આભાર વ્યક્ત કર્યો હતો.

# મોટી કુકાવાવના યુવક સાથે લીલી મરચીના કન્ટેનરમાં રોકાણના બહાને છેતરપિંડી

**સુરતના બે યુવકો સામે ફરિયાદ નોંધાઈ**

વડિયા, તા. ૨૪

મોટી કુકાવાવના એક યુવક સાથે લીલી મરચીના કન્ટેનરમાં રોકાણ કરવાના બહાને છેતરપિંડી આચરવામાં આવી હતી. આ બનાવ અંગે મોટી કુકાવાવમાં રહેતા કૌશિકભાઈ સુરેશભાઈ રૂપારેલિયા (ઉં.વ. ૨૯)એ સુરતમાં રહેતા સતિષભાઈ કાંતિભાઈ હીરપરા તથા યાજ્ઞિકભાઈ અતુલભાઈ બુહા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, આરોપીઓ 'EVEG INTERNATIONAL PVT LTD' નામની કંપની ચલાવતા હતા. બંને જણાએ કૌશિકભાઈને વિશ્વાસમાં લેતા જણાવ્યું હતું કે, "અમે ઈમ્પોર્ટ-એક્સપોર્ટનો ધંધો કરીએ છીએ અને નાસિકથી લીલી મરચી કન્ટેનર મારફતે દુબઈ એક્સપોર્ટ કરીએ છીએ. જો તમારે આ કન્ટેનરમાં રોકાણ કરવું હોય તો ૧૦ લાખ રૂપિયા રોકવા પડે. જો તમે પૂરા પૈસા ન રોકી શકો તો ૫૦ ટકા કંપની રોકશે અને ૫૦ ટકા તમારે રોકવા પડશે."બંને જણાએ એવી પણ લાલચ આપી હતી કે કંપનીમાં રોકેલા નાણાંનો નફો દર મહિને તેમના બેંક ખાતામાં જમા કરાવી દેવામાં આવશે. આથી કૌશિકભાઈએ તેમની કંપનીમાં રૂ. ૫,૦૦,૦૦૦નું રોકાણ કર્યું હતું. ત્યારબાદ એક મહિનાનો સમય પૂરો થતાં તેમણે નફો માંગ્યો હતો, પરંતુ બંને જણાએ નફો આપવા બાબતે ખોટા વાયદા કર્યા હતા. બાદમાં સતિષભાઈ હીરપરાએ કટકે-કટકે રૂ. ૨ લાખ પરત આપ્યા હતા, પરંતુ બાકીના રૂ. ૩ લાખ તેમજ નફાની રકમ પરત ન આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી. પી. ધાંધલા આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: અગિયારસ
તા.૨૫-૦૬-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૫:૨૪,
સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: સ્વાતિ

## દૈનિક રાશિફળ

તા.૨૫-૦૬-૨૦૨૬ ગુરુવાર

મેષ: કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે.

વૃષભ: આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે.

મિથુન: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો.

કર્ક: અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઇઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે.

સિંહ: જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે.

કન્યા: તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે.

તુલા: લવ મેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોક્ટરો પાસે તપાસ કરાવો. વિવાહિત જીવન સુખી રહેશે.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે.

ધન: વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઇચ્છિત સહયોગ મળશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે અને જવાબદારી વધશે.

મકર: તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે.

કુંભ: ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે.

મીન: ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે.

# બાબરા તાલુકામાં શાળા પ્રવેશોત્સવનો ઉત્સાહભેર પ્રારંભ

બાબરા,તા.૨૪

રાજ્ય સરકારના "શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ–૨૦૨૬" અંતર્ગત બાબરા તાલુકાની નવાણિયા, ઊંટવડ અને સુકવળા પ્રાથમિક શાળાઓ ખાતે ઉત્સાહભેર કાર્યક્રમો યોજાયા હતા. નવા પ્રવેશ મેળવનાર નાનાં ભૂલકાંઓનું તિલક કરી, ફૂલહાર પહેરાવી અને શૈક્ષણિક કીટ અર્પણ કરીને હર્ષોલ્લાસભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં આનંદ અને



ઉત્સાહનું વાતાવરણ જોવા મળ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ તુષારભાઈ રામાણી, તાલુકા પંચાયત સભ્ય ભરતભાઈ બુટાણી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ગ્રામજનો, માતાઓ-બહેનો, શિક્ષકો, અધિકારીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ શિક્ષણના મહત્વ પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે બાળકના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ સૌથી મજબૂત પાયો છે. સરકાર દરેક બાળક સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણ પહોંચે અને કોઈ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે સતત પ્રયત્નશીલ છે. કાર્યક્રમ દરમિયાન વાલીઓને બાળકોને નિયમિત શાળાએ મોકલવા અપીલ કરવામાં આવી હતી. શિક્ષણની નવી શરૂઆત સાથે બાળકોના ચહેરા પર આત્મવિશ્વાસ અને ખુશી સ્પષ્ટપણે ઝળકી ઊઠી હતી.

# બાબરા તાલુકાના નાની કુંડળ ગામેથી ૯ શકુની ઝડપાયા

બાબરા, તા. ૨૪

બાબરાના નાની કુંડળ ગામેથી પોલીસે ૯ જુગારીઓને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, નાની કુંડળ ગામે આવેલા સાલેમાળ ડુંગરમાં રમેશભાઈ શામજીભાઈ વાઘેલાની વાડીના શેઢે આવેલી ઓરડીની પાછળ પડતર જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા હતા. બાબરા પોલીસે અહીં દરોડો પાડીને જુગાર રમતા શૈલેષભાઈ ધનજીભાઈ મકવાણા, પારસભાઈ રમેશભાઈ વાઘેલા, વિશાલભાઈ શામજીભાઈ વાઘેલા, નિલેશભાઈ ભરતભાઈ વાઘેલા, રવિભાઈ રમેશભાઈ વાઘેલા, ભરતભાઈ રામજીભાઈ વાઘેલા, ભરતભાઈ તળશીભાઈ વાઘેલા, અરવિંદભાઈ વશરામભાઈ વાઘેલા તથા સુરેશભાઈ હીરાભાઈ ડેરવાળીયાને ઝડપી લીધા હતા. પોલીસ રેડ દરમિયાન આ શખ્સો હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા રોકડા રૂ. ૧૨,૩૪૦ ના મુદ્દામાલ સાથે રંગેહાથ પકડાયા હતા.

# વડીયાના ખડખડ ગામે મુસ્લીમ ભાઈઓ દ્વારા છબીલનું આયોજન

અમરેલી,તા.૨૪

વડિયા તાલુકાના ખડખડ ગામે ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદત નિમિત્તે મુસ્લિમ ભાઈઓ દ્વારા છબીલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાહદારીઓ અને ગ્રામજનોને ઠંડુ શરબત તેમજ પૌવા-બટેટાનું વિતરણ કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં લોકોએ પ્રસાદીનો લાભ લીધો હતો. કાર્યક્રમ દ્વારા



ઈમામ હુસૈન (અ.સ.) ના બલિદાન, માનવતા, સેવા અને ભાઈચારાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# ખાંભામાં યુવકને 'ગલ્લે આવીશ તો જાનથી મારી નાખીશ'ની ધમકી આપી

**સામસામી ફરિયાદ નોંધાઈ**

ખાંભા, તા. ૨૪

ખાંભામાં યુવકને 'જો હવે ગલ્લે આવીશ તો જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપવામાં આવી હતી. આ અંગે બંને પક્ષે સામસામી ફરિયાદ નોંધાઈ હતી. લલિતભાઈ ડાયાભાઈ સોલંકી (ઉ.વ. ૨૫) એ મહેશભાઈ આલિંગભાઈ ખુમાણ, જનકભાઈ સવાભાઈ દેવેરા અને શશીભાઈ સવાભાઈ દેવેરા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની ભત્રીજીની તા. ૨૦/૦૬/૨૬ના રોજ પ્રવિણભાઈ મકવાણાએ છેડતી કરી હતી. જે બાબતે બોલાચાલી થઈ હતી, પરંતુ બાદમાં ઘરમેળે સમાધાન થઈ ગયું હતું.દરમિયાન, રાત્રિના સમયે તેઓ શિયાળભાઈના ગલ્લેથી માવા લઈને ઘરે જતા હતા, ત્યારે આરોપીઓએ રોડ ઉપર ગાળો આપી, તેમનો કાઠલો પકડી પાન-માવાની દુકાને લઈ ગયા હતા. ત્યાં તેમને શરીરે ઢીકાપાટુનો મૂંઢમાર માર્યો હતો તેમજ ફરી ગલ્લે આવશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.જે બાદ સામા પક્ષે જનકભાઈ સવજીભાઈ દેવેરા (ઉ.વ. ૩૦) એ લલિતભાઈ ડાયાભાઈ સોલંકી, હરેશભાઈ હિંમતભાઈ સોલંકી, મહેશભાઈ મનુભાઈ પરમાર તથા બાવભાઈ હિંમતભાઈ સોલંકી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ઉધાર કરિયાણાના બાકી પૈસા માંગતા આરોપીઓને સારું લાગ્યું ન હતું. આ બાબતની દાઝ રાખી આરોપીઓએ તેમની દુકાનમાં ગેરકાયદે પ્રવેશ કરી આડેધડ માર માર્યો હતો. તેમજ ઝપાઝપી કરી છરી ઉગામી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. એમ. ગમારા વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# પાણી, સુરક્ષા અને યુધ્ધની તૈયારીઓ

ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં ફરી એક વખત તણાવનું વાતાવરણ સર્જાયું છે. સરહદ પર વધતી સૈન્ય ગતિવિધિઓ, ડ્રોન દ્વારા થતી ઘૂસણખોરીના પ્રયાસો, પાકિસ્તાનના લશ્કરી મથકોના પુનઃનિર્માણના અહેવાલો અને સિંધુ નદીના પાણીના પ્રશ્ને બંને દેશો વચ્ચેના મતભેદો વધુ ઊંડા બન્યા છે. દક્ષિણ એશિયામાં શાંતિ અને સ્થિરતા માટે આ સ્થિતિ ચિંતાજનક છે. જોકે ભારતે સ્પષ્ટ કર્યું છે કે તે શાંતિનો સમર્થક છે, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા અને રાષ્ટ્રીય હિતના પ્રશ્ને કોઈપણ પ્રકારની બાંધછોડ કરવા તૈયાર નથી. ઓપરેશન સિંદૂર પછી સમગ્ર પરિસ્થિતિમાં મહત્વપૂર્ણ પરિવર્તન આવ્યું છે. આ કાર્યવાહીએ માત્ર આતંકવાદી માળખાને જ નુકસાન પહોંચાડ્યું નથી, પરંતુ ભારતની નવી સુરક્ષા નીતિનો પણ સ્પષ્ટ સંદેશ આપ્યો છે. વર્ષો સુધી ભારત આતંકવાદી હુમલાઓ સામે મુખ્યત્વે રાજદ્વારી અને મર્યાદિત સૈન્ય જવાબ આપતું રહ્યું હતું. પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ રહી છે. ભારતે દર્શાવ્યું છે કે દેશની સુરક્ષા સામે ખતરો ઉભો થશે તો તેનો જવાબ માત્ર શબ્દોમાં નહીં, પરંતુ અસરકારક કાર્યવાહી દ્વારા પણ આપવામાં આવશે. ઓપરેશન સિંદૂરમાં ભારતીય સેનાએ આધુનિક ટેકનોલોજી, ચોકસાઈપૂર્ણ ગુપ્તચર માહિતી અને સંકલિત લશ્કરી શક્તિનો ઉપયોગ કરીને અનેક મહત્વપૂર્ણ લક્ષ્યોને નિશાન બનાવ્યા હતા. આ કામગીરી દરમિયાન હવાઈ દળ, થલસેના અને અન્ય સુરક્ષા એજન્સીઓ વચ્ચે ઉત્તમ તાલમેલ જોવા મળ્યો હતો. આધુનિક ડ્રોન, પ્રિસિઝન ગાઈડેડ હથિયારો અને ઈલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમનો ઉપયોગ કરીને ભારતે દુનિયાને બતાવ્યું કે હવે યુદ્ધનું સ્વરૂપ બદલાઈ ગયું છે. આ કાર્યવાહીમાં પાકિસ્તાનના અનેક વ્યૂહાત્મક મથકો અને આતંકવાદી માળખાને નુકસાન પહોંચ્યું હોવાનું વિવિધ અહેવાલોમાં જણાવાયું હતું. તેના પરિણામે પાકિસ્તાનને પોતાના લશ્કરી અને હવાઈ મથકોના સમારકામ તથા પુનઃનિર્માણની પ્રક્રિયા શરૂ કરવી પડી હતી. આજે પણ તે નુકસાનમાંથી સંપૂર્ણપણે બહાર આવી શક્યું છે કે નહીં તે અંગે વિવિધ ચર્ચાઓ ચાલી રહી છે. પરંતુ એક બાબત નિશ્ચિત છે કે ઓપરેશન સિંદૂરે પાકિસ્તાનને એ સમજાવી દીધું કે ભારત હવે માત્ર પ્રતિક્રિયા આપનાર દેશ નથી, પરંતુ જરૂર પડે ત્યારે પહેલ કરીને કાર્યવાહી કરવાની ક્ષમતા પણ ધરાવે છે. આ સમગ્ર ઘટનાક્રમમાં પાણીનો મુદ્દો પણ અત્યંત મહત્વનો બની ગયો છે. ઓપરેશન સિંદૂર પછી ભારતે સિંધુ જળ સંધિને સ્થગિત રાખવાનો નિર્ણય યથાવત રાખ્યો છે. પાકિસ્તાનની કૃષિ અને અર્થવ્યવસ્થાનો મોટો આધાર સિંધુ નદી પ્રણાલી પર છે. તેથી પાણીનો પ્રશ્ન તેના માટે જીવનમરણનો પ્રશ્ન સમાન છે. પાકિસ્તાને વિવિધ આંતરરાષ્ટ્રીય મંચો પર ભારત ઉપર દબાણ લાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેને ખાસ સફળતા મળી નથી. ભારતનું વલણ સ્પષ્ટ છે કે આતંકવાદ અને સહયોગ એકસાથે ચાલી શકે નહીં. સિંધુ નદીના પાણીનો મુદ્દો માત્ર જળ વ્યવસ્થાપનનો પ્રશ્ન નથી રહ્યો, પરંતુ હવે તે વ્યૂહાત્મક શક્તિનું સાધન બની ગયો છે. ભારત પોતાના હક્કના પાણીનો વધુ અસરકારક ઉપયોગ કરવા માટે નવા જળાશયો, કેનાલો અને જળસંગ્રહ યોજનાઓ તરફ આગળ વધી રહ્યું છે. તેના પરિણામે પાકિસ્તાનમાં ચિંતા વધવી સ્વાભાવિક છે. પાકિસ્તાનના અનેક વિસ્તારોમાં પાણીની ઉપલબ્ધતા અંગે પ્રશ્નો ઊભા થયા છે અને ત્યાંના રાજકીય નેતાઓ પણ આ મુદ્દે વારંવાર નિવેદનો આપી રહ્યા છે. સરહદ પર ડ્રોન યુદ્ધના નવા પડકારો પણ ઉભા થયા છે. અગાઉ જ્યાં ઘૂસણખોરી માટે માનવબળનો ઉપયોગ થતો હતો ત્યાં હવે ડ્રોનનો ઉપયોગ વધી રહ્યો છે.

# ભયાનક અગ્નિકાંડ સમસ્યાથી સમાધાન સુધીનો માર્ગ

**પ્રાસંગિક — સુરેશ દેસાઈ**

સુરતનું તક્ષશિલા, રાજકોટનું ગેમ ઝોન અને લખનૌનું કોચિંગ સેન્ટર આ ત્રણ નામોએ આપણી આંખો ખોલી નાખી છે. ત્રણ જુદાં શહેરો, ત્રણ જુદી ઘટનાઓ, પણ કારણો એક સરખા ગેરકાયદેસર બાંધકામ, ફાયર સેફ્ટીની અવગણના, વેન્ટિલેશનનો અભાવ અને ભીડભરી જગ્યામાં ફસાયેલા માસૂમ વિદ્યાર્થીઓ. આ ઘટનાઓએ સાબિત કરી દીધું કે આપણી 'સુરક્ષા વ્યવસ્થા' ખાલી કાગળ પર છે. સુરતના તક્ષશિલા કોમ્પ્લેક્સમાં શોર્ટ સર્કિટથી આગ લાગી, પણ જે ઈમારતમાં વિદ્યાર્થીઓ ભણતા હતા તેની બહાર નીકળવાની સીડી સાંકડી અને બંધ હતી. ઉપરના માળે ધુમાડો ભરાઈ ગયો, કારણ કે ત્યાં કોઈ વેન્ટિલેશન ન હતું. જે લોકો ઉપર ચડ્યા તેઓ શ્વાસ લઈ શક્યા નહીં અને ધુમાડાના ઝેરથી બેભાન થઈ ગયા. રાજકોટનું ગેમ ઝોન તો રમતગમતના નામે આફતનું કેન્દ્ર બન્યું – ત્યાં વીજળીના તાર એટલા બેફિકરાઈથી નાખવામાં આવ્યા હતા કે નાનકડી સ્પાર્કે આખી ઈમારતને ભક્ષી દીધી. પ્લાસ્ટિકના સાધનો અને જાળીવાળી બારીઓએ બાળકોને ફાંસો આપ્યો. લખનૌની વાત જુદી ન હતી ભોંયતળિયાના ગેરેજમાં ૬૦-૭૦ વિદ્યાર્થીઓને ઠૂંસી દેવામાં આવ્યા હતા, જ્યાં એક જ સાંકડો દરવાજો હતો, તે પણ આગ લાગતાં જ બંધ થઈ ગયો. કોઈ સ્મોક ડિટેક્ટર, કોઈ એસ્કેપ સીડી, કોઈ વેન્ટિલેશન કંઈ નહોતું. અને આને કારણે માસુમ વિદ્યાર્થીઓ જીવતા બળી ગયા અને દાજી ગયા તેની વેદના જેવી તેવી નથી. આ ત્રણેય ઘટનાઓ પાછળનું મૂળ કારણ એક જ હતું સંચાલકોની નફાકારી માનસિકતા. તેઓ ઓછી જગ્યામાં વધુ વિદ્યાર્થીઓ બેસાડે છે, ફાયર સેફ્ટીના સાધનો પર ખર્ચ કરવાનું ટાળે છે અને સરકારી તંત્રને લાંચ આપીને મંજૂરી મેળવી લે છે. સરકારી અધિકારીઓ પણ મૌન સંમતિ આપે છે, કારણ કે તપાસ ફક્ત કાગળ પર જ થાય છે, વાસ્તવમાં નહીં. આ રીતે ગેરકાયદેસર ઈમારતો, નબળા વાયરિંગ અને ભીડના કારણે આગને ફેલાવવાનું પૂરતું ઈંધણ મળી જાય છે. આગ આવે જ છે, પણ આપણે તેને રોકવાને બદલે તેના પરિણામો પર રડીએ છીએ. હવે આ ચક્ર તોડવું પડશે. ઘણા લોકોને લાગે છે કે આગમાં સૌથી મોટો ખતરો આગની જ્વાળાઓ છે, પણ વાસ્તવમાં સૌથી ઘાતક છે ધુમાડો. જ્યારે પ્લાસ્ટિક, ફર્નિચર અને ઈલેક્ટ્રોનિક સામાન બળે છે ત્યારે કાર્બન મોનોક્સાઈડ જેવો ઝેરી ગેસ બને છે. તે હવામાં ભળી જાય છે અને થોડી જ સેકન્ડોમાં વ્યક્તિને બેભાન કરી મારી નાખે છે. આ ત્રણેય ઘટનાઓમાં મોટાભાગના મૃત્યુ આ ઝેરી ધુમાડાના કારણે થયા, કારણ કે ઈમારતોમાંથી ધુમાડો બહાર જવા માટે કોઈ રસ્તો ન હતો. આવી જગ્યાએ તરત સળગી ઊઠે અને જલ્દી ઓલવાઈ નહીં તેવા પ્લાસ્ટિક ફર્નિચર સદંતર પ્રતિબંધિત હોવા જોઈએ અને લોખંડના ફર્નિચરનો જ ઉપયોગ થવો જોઈએ જેથી આવી દુર્ઘટના વખતે આ ગાટલી ભયંકર ન બને. લોખંડના ટેબલ ખુરશી નો જ ઉપયોગ થવો જોઈએ પ્લાસ્ટિક અને ફાઈબર નો ઉપયોગ ટાળવો જોઈએ. જો ત્યાં સ્મોક ડિટેક્ટર અને યાંત્રિક વેન્ટિલેશન સિસ્ટમ હોત, તો ધુમાડો બહાર ફેંકાઈ જાત અને લોકોને શ્વાસ લેવાનું સહેલું



થાત. બીજો સૌથી મોટો ખતરો છે ફાયર એસ્કેપનો અભાવ. કાયદા પ્રમાણે દરેક મોટી ઈમારતમાં ઓછામાં ઓછી દોઢ મીટર પહોળી અલગ સીડી હોવી જોઈએ, જે સીધી ખુલ્લી જગ્યાએ જાય. પણ આપણા શહેરોમાં આ સીડીઓ કાં તો ખૂબ સાંકડી હોય છે, એમાં એક વ્યક્તિ માંડ માં ઉતરી શકે અથવા તો તેમાં સામાન ભરાયેલો હોય છે, અથવા તો નીચેનો દરવાજો બંધ કરી દેવામાં આવે છે. જ્યારે આગ લાગે ત્યારે લોકો લિફ્ટમાં ભાગે છે, જે સૌથી ખતરનાક છે લિફ્ટ બંધ થઈ જાય તો ફસાઈ જવાય. જો સીડી ખુલ્લી હોત, તો લોકો સરળતાથી ઉતરી શકત. ત્રીજો મુદ્દો છે ગભરાટ અને તાલીમનો અભાવ. ઘટના સમયે કોઈને ખબર ન હતી કે શું કરવું. મોટાભાગના લોકો બૂમો પાડતા, દોડધામ કરતા, પણ યોગ્ય માર્ગ ન જાણતા. આગ લાગી છે એમ જાણતાં જ શાંત રહીને નીચે ઉતરવું, ધુમાડો ઓછો કરવા માટે ભીના કપડાથી મોં ઢાંકવું, અને અગ્નિશામક યંત્રનો ઉપયોગ કરવો આ સરળ વાતો કોઈને શીખવવામાં ન આવી. પરિણામે, જાનહાની ઘણી વધી ગઈ. આથી, સ્પષ્ટ છે કે સાધનોની સાથે જાગૃતિ અને તાલીમ પણ એટલી જ જરૂરી છે. આગને રોકવા માટે ત્રણેય પક્ષોએ સાથે આવવું પડશે. સરકારે સૌથી પહેલાં કાયદો કડક બનાવવો પડશે. દરેક કોચિંગ ક્લાસ, ગેમ ઝોન અને કોમર્શિયલ ઈમારત માટે ફરજિયાત 'ફાયર સેફ્ટી સર્ટિફિકેટ' લાગુ કરવું જોઈએ, જે દર છ મહિને નવું કરાવવું પડે. એક સ્વતંત્ર તપાસ ટીમ બનાવવી, જે અચાનક કોઈ પણ ઈમારતની મુલાકાત લઈ શકે અને ત્યાંના ફાયર એસ્કેપ, વેન્ટિલેશન, વાયરિંગ અને વિદ્યાર્થીઓની સંખ્યા તપાસી શકે. દરેક ક્લાસમાં લોખંડનું ફર્નિચર અને વિદ્યાર્થીની સંખ્યા ૧૫ થી ૨૦ કરતા વધુ ન હોવી જોઈએ જેથી ભીડ ન થાય અને વિદ્યાર્થીઓ સહેલાઈથી બચી શકે કોચિંગ ક્લાસના સંચાલકો વધુ નફો લેવા માટે ૧૦૦ કરતાં પણ વિદ્યાર્થીઓને સાંકળી જગ્યામાં ઠાંસીને ભરે છે. નફો કમાઈ લેવાની આ માનસિકતા અનેકના જીવ લઈ લે છે. સલામતી માં જો કોઈ ખામી મળે તો તાત્કાલિક સીલિંગ અને ભારે દંડ કરવો. ભ્રષ્ટ અધિકારીઓ સામે પણ કાર્યવાહી કરવી, કારણ કે તેમની ઢીલાશ જ આફતને નોતરે છે. વધુમાં, લોકો માટે એક મોબાઈલ એપ બનાવવી જેથી કોઈપણ ગેરકાયદેસર ઈમારતની સીધી ફરિયાદ કરી શકાય. સંચાલકો અને માલિકોએ પોતાની લાલચ છોડવી પડશે. વિદ્યાર્થીઓની સંખ્યા ઓરડાના કદ પ્રમાણે રાખવી દરેક વિદ્યાર્થીને ઓછામાં ઓછા ૨૦ ચોરસ ફૂટની જગ્યા આપવી. દરેક રૂમમાં છબ્ઝ પ્રકારનું અગ્નિશામક યંત્ર, સ્મોક ડિટેક્ટર અને ઈમરજન્સી લાઈટ લગાવવી ફરજિયાત કરવી. ફાયર એસ્કેપની સીડી હંમેશા ખુલ્લી અને અવરોધ વિના રાખવી. દર મહિને એક ફાયર ડ્રીલ કરવી, જેમાં સ્ટાફ અને વિદ્યાર્થીઓ બંનેને ભાગવાનો રસ્તો શીખવવો. આ નાનો ખર્ચ આફત સમયે લાખો જીવ બચાવે છે. હવે વાત કરીએ સામાન્ય નાગરિકની. આપણે પણ આપણી આસપાસ સજાગ રહેવું પડશે. જો કોઈ કોચિંગ ક્લાસ કે ગેમ ઝોનમાં અતિશય ભીડ કે ફાયર એસ્કેપનો અભાવ દેખાય તો તરત નગરપાલિકા કે ફાયર વિભાગને જાણ કરવી. ઘરે અગ્નિશામક યંત્ર રાખવું અને પરિવારના દરેક સભ્યને તે ચલાવવાની રીત શીખવવી. 'પાસ' (Pull, Aim, Squeeze, Sweep) ફોર્મ્યુલા યાદ રાખવી. ૧૦૧ ફાયર બ્રિગેડનો નંબર હંમેશા મોબાઈલમાં સેવ કરી રાખવો. જો આગ લાગી જાય તો સૌથી મહત્ત્વની બાબત છે શાંત રહેવું. લિફ્ટમાં ક્યારેય ન જવું સીડી પર ઉતરવું. ધુમાડો ઓછો શ્વાસમાં જાય તે માટે ભીના કપડાથી મોં ઢાંકીને નીચે ઝૂકીને આગળ વધવું. આગ ઓલવવાનો પ્રયત્ન ફક્ત ત્યારે જ કરવો જો તે ખૂબ નાની હોય અને તમને ફાયર એક્સ્ટિંગ્વિશર વાપરતાં આવડતું હોય. જો આગ વધી ગઈ હોય તો તરત ઈમારત ખાલી કરી દેવી અને બીજાઓને પણ ચીસો પાડીને ચેતવવા. રાહત સમયે સામાન્ય નાગરિક ઘણી મદદ કરી શકે. સૌથી પહેલાં ફાયર બ્રિગેડને ચોક્કસ સરનામું અને આગના પ્રકાર વિશે જાણ કરવી. નજીકની હોસ્પિટલોને ફોન કરીને જાણ કરવી કે પીડિતો આવી શકે છે. રસ્તા પર ઉભા રહીને એમ્બ્યુલન્સ અને ફાયર ટેન્ડરને જવા માટે ટ્રાફિક સાફ કરવામાં મદદ કરવી. જો કોઈ બાળક કે વ્યક્તિ બેભાન હોય તો તેને તાજી હવામાં લઈ જવો અને જો શ્વાસ બંધ હોય તો CPR (કાર્ડિયોપલ્મોનરી રિસુસિટેશન) આપવાનો પ્રયત્ન કરવો પણ માત્ર ત્યારે જ જો તમને તેની તાલીમ હોય. નાની મદદ, યોગ્ય સમયે, અસંખ્ય જીવન બચાવી શકે છે. સુરત, રાજકોટ અને લખનૌની ઘટનાઓ આપણા માટે ખતરાની ઘંટડી છે. તે કહે છે કે સલામતી એ વિકલ્પ નથી, તે અનિવાર્યતા છે. આપણે હવે એવું ન થવા દઈએ કે કોઈ ઘટના બન્યા પછી શોક વ્યક્ત કરીએ અને થોડા દિવસોમાં ભૂલી જઈએ. સરકારે કાયદો લાગુ કરવો, સંચાલકોએ જવાબદારી સ્વીકારવી, અને દરેક નાગરિકે જાગૃત બનવું આ ત્રણેયની ભાગીદારી વિના કોઈ પણ ઉપાય કામ કરશે નહીં. આજે આપણે જે પગલાં લઈશું તે કાલના બાળકોને સુરક્ષિત રાખશે. યાદ રાખો, આગ ઓલવી શકાય છે, પણ ખોયેલું જીવન પાછું મેળવી શકાતું નથી. જાગૃત રહો, તૈયાર રહો અને સલામત રહો.

## શબ્દ સંજોગ-૨૨૨૦



**આડી ચાવી :**

(૧) ભાગનાર સંખ્યા (૩)
(૪) ગાદી, તખ્ત (૪)
(૮) ખોધ્યો...., નીકળ્યો ઉંદર (૩)
(૯) ચળકતુ, સ્વચ્છ (૪)
(૧૦) કુરાનની આયતો (૩)
(૧૧)ઉણપ, ખોટ (અ) (૨)
(૧૩) બાળકોને ભણવામાં આવતો ઈતિહાસ :....ની સંસ્કૃતિ (૩)
(૧૬) બાફેલી ડાંગર (૩)
(૧૮) ભલાપણુ, સાલસાઈ (૩)
(૨૦) ખેડવાથી પડતો લાંબો આંકો (૨)
(૨૨) કર્તવ્ય (૩)
(૨૩) દાંત (૨)
(૨૪) સિંહ જોવા હોય તો અહીં જાવ (૩)
(૨૬) અભરાઈ, નાનું છજુ (૩)
(૨૭) મિયાબીબી રાજી તો કયા કરેગા....... (૨)
(૨૮) યજ્ઞમાં હોમવાની ક્રિયા (૩)
(૨૯) અંબોડે ઘાલવાનો ફૂલનો હાર (૩)

**ઉભી ચાવી :**

(૧) કોઈપણ વસ્તુ વાપર્યા બદલ આપવાનું નાણુ (૨)
(૨) જય.......(૪)
(૩) મહેસૂલ, લાગો (૨)
(૪) કેરાલિયનની ભાષા (૫)
(૫) કઠણ, મજબૂત (૩)
(૬) એક જાતનું નેતર (૨)
(૭) ધાર્મિક ક્રિયાને અંતે બ્રાહ્મણોને અપાતુ દાન (૩)
(૧૨) બંધી, નિષેધ (૩)
(૧૩) લોકમાં ચાલતો વ્યવહાર કે રૂઢિ (૪)
(૧૪) અધર, હોઠ (૨)
(૧૫) અલંકાર, આભૂષણ (૪)
(૧૭) સૂતરની આંટી (૨)
(૧૯) શરમ, આબરૂ (૨)
(૨૧) આગળ જણાવેલુ, પૂર્વોકત (૪)
(૨૨) ફસલનું, મોસમનું (૩)
(૨૪) ગોવિંદાની એક ફિલ્મ:...ચલે સસુરાલ (૩)
(૨૫) મિનારાઓવાળો સુંદર રોજો (૩)
(૨૭) કામ, કારણ (૨)

## શબ્દ સંજોગ-૨૨૧૯ જવાબ

**આડી ચાવીઃ** (૧) ધીરપ (૩) મલમાસ (૬) તિજારત (૭)તેહ (૯) જપત (૧૧) તૈજસ (૧૨) વાદસ્થલી (૧૪) મછરાળ (૧૭) પતરાજી (૧૯) મારવણ (૨૨) વજીર (૨૪) ળાકા(કાળા) (૨૫) મફર (૨૭) સગન (૨૮) ફુફવાડો. **ઉભી ચાવીઃ** (૧) ધીરજ (૨) પતિત (૩) મરજાદ (૪) લત (૫) સતેજ (૮) હસન (૧૦) પણછ (૧૧) તેલી (૧૨) વાળ (૧૩) સ્થગિત (૧૪) મગમાળા (૧૫) રાજીવ (૧૬) આજીજી (૧૮) રાવ (૨૦) રકાસ (૨૧) ણમન(નમણ) (૨૩) રવાડો (૨૬) રફુ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કક્પાસ બી.ટી. | ૧૫૦૧ | ૧૯૦૨ |
| ઘઉં લોકવન | ૩૯૫ | ૫૦૧ |
| ઘઉં ટુકડા | ૪૦૫ | ૫૫૧ |
| જુવાર સફેદ | ૧૦૫૪ | ૧૧૨૮ |
| જુવાર લાલ | ૧૦૫૧ | ૧૨૦૦ |
| જુવાર પીળી | ૪૭૧ | ૬૫૦ |
| બાજરી | ૩૭૦ | ૪૮૧ |
| મકાઇ | ૩૨૧ | ૪૨૧ |
| તુવેર | ૧૨૫૦ | ૧૫૩૭ |
| ચણા પીળા | ૧૧૧૦ | ૧૧૮૦ |
| ચણા સફેદ | ૧૧૪૫ | ૧૮૨૦ |
| અડદ | ૧૩૫૦ | ૧૮૪૩ |
| મગ | ૧૧૬૦ | ૧૭૭૫ |
| વાલ દેશી | ૭૫૦ | ૧૦૮૯ |
| ચોળી | ૧૦૦૦ | ૧૬૯૦ |
| વટાણા | ૬૫૦ | ૧૦૦૦ |
| કળથી | ૩૩૩ | ૪૩૨ |
| રાજમા | ૧૦૦૦ | ૧૮૬૮ |
| સીંગદાણા | ૧૫૫૦ | ૧૮૦૦ |
| મગફળી જાડી | ૧૧૪૦ | ૧૫૫૮ |
| મગફળી જીણી | ૧૧૭૦ | ૧૫૧૧ |
| તલી | ૧૮૦૦ | ૨૫૧૦ |
| એરંડા | ૧૨૬૫ | ૧૪૨૮ |
| અજમો | ૨૨૦૦ | ૩૧૪૦ |
| સુવા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૧૦૦૫ | ૧૩૯૦ |
| સીંગફાડા | ૧૪૦૦ | ૧૬૭૦ |
| કાળા તલ | ૨૧૫૦ | ૩૬૯૫ |
| લસણ | ૧૦૯૧ | ૨૫૫૦ |
| ધાણા | ૨૩૪૦ | ૨૮૫૦ |
| ધાણી | ૨૪૦૦ | ૨૯૭૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૯૪૦ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૦૭૫ |
| રાય | ૧૨૮૦ | ૧૬૮૦ |
| મેથી | ૮૮૦ | ૧૫૩૨ |
| ઇસબગુલ | ૧૧૦૦ | ૨૪૪૦ |
| અશેરીયો | ૯૫૦ | ૧૧૦૦ |
| કલોંજી | ૩૧૦૦ | ૩૪૯૧ |
| રાયડો | ૧૧૬૦ | ૧૪૨૦ |
| રજકાનું બી | ૭૦૦૦ | ૧૦૨૫૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૩૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૬૭ | ૫૯૩ |
| લીંબુ | ૬૨૬ | ૧૨૫૪ |
| પપૈયા | ૮૧ | ૧૫૪ |
| બટેટા | ૮૮ | ૨૯૭ |
| ડુંગળી સુકી | ૧૭૦ | ૪૩૫ |
| ટમેટા | ૫૭૫ | ૮૮૯ |
| સુરણ | ૮૧૫ | ૧૦૨૬ |
| કોથમરી | ૧૧૧૬ | ૧૫૪૮ |
| રીંગણા | ૨૦૩ | ૪૭૮ |
| કોબીજ | ૧૬૧ | ૩૯૨ |
| ફ્લાવર | ૨૮૯ | ૫૦૫ |
| ભીંડો | ૩૧૮ | ૭૭૬ |
| ગુવાર | ૬૯૨ | ૧૨૨૬ |
| ચોળાસીંગ | ૯૦૩ | ૧૫૬૨ |
| ટીંડોળા | ૩૬૧ | ૭૭૨ |
| દુધી | ૧૮૬ | ૩૧૧ |
| કારેલા | ૩૯૩ | ૭૦૯ |
| સરગવો | ૫૨૫ | ૧૦૧૨ |

| | | |
|---|---|---|
| તુરીયા | ૫૦૯ | ૭૯૧ |
| પરવર | ૪૬૬ | ૭૮૨ |
| કાકડી | ૩૪૩ | ૯૨૪ |
| ગાજર | ૩૨૧ | ૫૧૮ |
| વટાણા | ૧૬૩૯ | ૨૦૫૨ |
| ગલકા | ૩૧૪ | ૫૩૭ |
| બીટ | ૨૪૩ | ૪૫૮ |
| મેથી | ૧૩૭૯ | ૧૬૫૬ |
| ડુંગળી લીલી | ૧૦૫૫ | ૧૨૨૬ |
| આદુ | ૨૦૫૭ | ૨૫૪૪ |
| મરચા લીલા | ૮૧૬ | ૧૧૨૩ |
| મકાઇ લીલી | ૩૧૫ | ૫૨૮ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૫૧ | ૧૮૨૧ |
| ઘઉં લોકવન | ૪૫૨ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૪૪ | ૬૧૨ |
| મગફળી જીણી | ૧૧૬૧ | ૧૮૦૧ |
| સિંગદાણા જાડા | ૧૬૦૧ | ૧૯૫૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૭૦૧ |
| એરંડા / એરંડી | ૧૧૮૧ | ૧૪૦૬ |
| જીરૂ | ૨૭૦૧ | ૪૧૨૧ |
| કલંજી | ૧૫૦૧ | ૩૫૦૧ |
| ધાણા | ૧૬૦૧ | ૨૯૩૧ |
| લસણ સુકું | ૧૦૧૧ | ૨૧૧૧ |
| ડુંગળી લાલ | ૧૨૧ | ૪૮૧ |
| અડદ | ૫૦૦ | ૧૮૧૧ |
| તુવેર | ૧૧૫૧ | ૧૫૨૧ |
| રાયડો | ૧૨૨૧ | ૧૨૯૧ |
| રાય | ૧૫૭૧ | ૧૫૭૧ |
| મેથી | ૯૭૬ | ૧૨૧૧ |
| સુવાદાણા | ૧૧૭૬ | ૧૧૭૬ |
| કાંગ | ૪૯૧ | ૬૩૧ |
| સુરજમુખી | ૯૨૬ | ૧૨૦૧ |
| મગફળી જાડી | ૧૧૨૧ | ૧૫૬૧ |
| સફેદ ચણા | ૧૦૭૬ | ૧૭૯૧ |
| ધાણી | ૧૭૦૧ | ૩૦૧૧ |
| બાજરો | ૨૭૧ | ૩૫૧ |
| જુવાર | ૪૮૧ | ૧૦૯૧ |
| મકાઇ | ૩૫૦ | ૩૫૦ |
| મગ | ૧૦૦૧ | ૧૮૦૧ |
| ચણા | ૧૦૧૧ | ૧૧૭૬ |
| વાલ | ૪૦૦ | ૧૧૧૧ |
| ચોળા / ચોળી | ૫૦૦ | ૧૫૬૧ |
| સોયાબીન | ૧૦૭૬ | ૧૬૯૧ |
| અજમાં | ૨૦૭૬ | ૨૦૭૬ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૩૧ |
| વટાણા | ૪૬૧ | ૮૭૧ |
| **ગોંડલ (શાકભાજી)★** | | |
| ટમેટા | ૧૮૦ | ૯૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૭૦૦ |
| કોબી | ૨૦૦ | ૭૦૦ |
| દુધી | ૨૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૯૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૮૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૩૮૦ | ૨૬૦૦ |

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૨૦૦ | ૯૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૬૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૮ |
| કોથમીર પુરા | ૮ | ૧૧ |
| ફોદીનો પુરા | ૧ | ૫ |
| પચકારુ | ૩૦૦ | ૪૦૦ |
| ચૂણ | ૭૮૦ | ૧૦૦૦ |
| ક્રુદ્દિક્રિ | ૬૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૨૦૦ |
| મેથી પુરા | ૧૦ | ૧૮ |
| બીટ પુરા | ૧૦ | ૧૫ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૨૦૦ | ૧૮૦૦ |
| કારેલા | ૨૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૩૦૦ |
| આદુ | ૨૦૦ | ૨૭૦૦ |
| ફણશી | ૧૮૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૩ | ૬ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૦૮૦ | ૧૪૩૦ |
| શિંગદાણા | ૧૬૭૫ | ૨૦૨૦ |
| શિંગદાણા ફાડા | ૧૪૧૫ | ૧૭૪૫ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૬૭૫ |
| તલ કાળા | ૨૧૫૦ | ૩૬૧૫ |
| તલ કાશમીરી | ૨૦૨૦ | ૨૪૩૫ |
| બાજરો | ૩૦૫ | ૩૭૦ |
| જુવાર | ૮૪૦ | ૧૧૨૫ |
| ઘઉં ટુકડા | ૪૧૫ | ૫૭૦ |
| ઘઉં લોકવન | ૪૧૫ | ૫૧૦ |
| મકાઈ | ૪૧૫ | ૪૪૦ |
| મગ | ૧૨૦૦ | ૧૬૫૦ |
| અડદ | ૮૦૦ | ૧૫૭૫ |
| ચણા | ૮૦૦ | ૧૧૬૦ |
| ચણા દેશી | ૮૬૫ | ૧૦૯૦ |
| સફેદ ચણા | ૧૦૦૫ | ૧૧૭૫ |
| છોલે ચણા | ૧૦૧૦ | ૧૧૭૫ |
| તુવેર | ૮૫૦ | ૧૪૬૦ |
| કપાસ | ૯૧૫ | ૧૮૯૫ |
| એરંડા | ૧૦૨૦ | ૧૩૪૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૯૬૦ |
| ધાણા | ૨૪૦૦ | ૨૮૦૦ |
| ધાણી | ૨૪૦૦ | ૨૮૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૫૦ |
| સોયાબીન | ૧૧૬૦ | ૧૪૫ |
| રજકાબી | ૪૦૫૦ | ૧૦૧૦૦ |
| વરીયાળી | ૧૩૦૦ | ૧૪૨૦ |
| કાંગ | ૪૨૦ | ૫૩૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૫૦ | ૨૬૦ |
| રીંગણા | ૨૨૦ | ૫૨૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૫૦ | ૪૫૦ |
| શકકરીયા | ૬૫૦ | ૭૦૦ |
| ટમેટાં | ૮૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૮૨૦ | ૯૧૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દુધી | ૨૨૦ | ૩૨૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૫૦ | ૪૨૦ |

| | | |
|---|---|---|
| કાચી કેરી | ૧૦૫૦ | ૨૦૦૦ |
| કાકડી | ૬૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૧૧૫૦ | ૧૭૫૦ |
| પાકીકેરી | ૧૦૦૦ | ૨૪૨૦ |
| વટાણા | ૨૪૫૦ | ૨૬૦૦ |
| ચોળા લીલા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| તુરીયા | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| આદુ | ૨૫૦૦ | ૨૭૦૦ |
| કોથમીર | ૧૫૦૦ | ૧૮૦૦ |
| મેથીભાજી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ફોદીનો | ૪૫૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૫૫૦ | ૬૩૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૬૨૦ | ૮૨૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી સુકી | ૨૩૦ | ૫૦૦ |
| લસણ સુકુ | ૧૧૫૦ | ૨૧૫૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૪૫૦ | ૮૫૦ |
| મકાઈ | ૩૨૦ | ૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૨૬ | ૧૪૫૮ |
| શીંગ મોટી | ૧૨૯૫ | ૧૩૮૨ |
| શિંગદાણા | ૧૫૦૧ | ૨૧૫૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૫૧ |
| તલ કાળા | ૨૯૦૦ | ૩૬૮૭ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૪૭૦ |
| કપાસ | ૧૫૦૧ | ૧૮૫૭ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૮૪ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| બાજરો | ૩૭૦ | ૮૫૫ |
| જુવાર | ૮૦૦ | ૧૦૭૧ |
| મગ | ૧૩૦૦ | ૧૬૪૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૫૧ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૦૦ |
| એરડી | ૧૨૦૦ | ૧૩૩૫ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૩૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૯૦૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૪૨૧ |
| **ધારી** | | |
| મગફળી | ૧૧૯૦ | ૧૧૯૦ |
| ઘઉં લોકવન | ૪૨૭ | ૪૫૮ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૩૬ |
| તુવેર | ૧૦૬૦ | ૧૪૭૦ |
| ધાણા | ૨૬૦૦ | ૨૭૦૦ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૧૦૦ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૦૯૦ |
| મેથી | ૧૧૫૦ | ૧૨૫૦ |
| શીંગદાણા | ૧૩૫૧ | ૧૭૭૫ |
| શીંગફાડા | ૧૫૦૦ | ૧૫૨૫ |
| એરંડા | ૧૨૩૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૧૩૫૫ | ૧૩૫૫ |
| **બગસરા** | | |
| મગફળી | ૧૧૦૦ | ૧૩૪૦ |
| ઘઉં લોકવન | ૩૫૦ | ૪૮૧ |
| મેથી | ૧૧૩૫ | ૧૧૩૫ |
| ઘઉં ટુકડા | ૫૦૬ | ૫૦૬ |
| તુવેર | ૧૧૨૫ | ૧૩૩૦ |
| ચણા | ૯૫૫ | ૧૧૦૪ |

| | | |
|---|---|---|
| કાંગ | ૪૧૦ | ૪૧૦ |
| ધાણા | ૨૫૦૦ | ૨૭૦૦ |
| તલ કાળા | ૧૫૦૦ | ૩૧૮૧ |
| શીંગદાણા | ૧૩૪૦ | ૧૭૫૦ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૩૮૨ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૪૫૫ |
| મગ | ૧૫૬૧ | ૧૬૦૦ |
| શીંગફાડા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૧૦ | ૧૭૦૦ |
| કપાસ મીડીયમ | ૧૫૦૦ | ૧૫૯૦ |
| મગફળી | ૧૨૨૦ | ૧૨૯૦ |
| તલ સફેદ | ૧૫૪૦ | ૨૩૭૦ |
| તલ કાળા | ૩૧૨૦ | ૩૩૩૦ |
| જીરૂ | ૨૮૧૫ | ૩૮૭૫ |
| ચણા | ૧૧૨૪ | ૧૧૫ |
| ઘઉં | ૪૫૫ | ૫૧૫ |
| એરંડા | ૧૦૫૫ | ૧૨૧૫ |
| તુવેર | ૧૧૬૦ | ૧૨૯૦ |
| મગ | ૧૩૨૫ | ૧૫૩૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૯૦૧ |
| ઘઉં | ૪૦૧ | ૪૮૧ |
| મકાઈ | ૫૫૧ | ૫૫૧ |
| મગ | ૧૦૦૧ | ૧૬૬૧ |
| ચણા | ૯૦૧ | ૧૧૪૧ |
| અડદ | ૧૬૧૧ | ૧૬૧૧ |
| તુવેર | ૭૦૧ | ૧૪૬૬ |
| મગફળી | ૬૫૧ | ૧૨૦૦ |
| શીંગદાણા | ૧૫૦૧ | ૧૯૧૬ |
| શીંગફાડા | ૧૩૦૧ | ૧૬૩૬ |
| તલ સફેદ | ૧૩૦૧ | ૨૬૦૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૧૩૧ |
| રાય | ૧૨૪૬ | ૧૨૪૬ |
| મેથી | ૧૦૦૧ | ૧૨૩ |
| જીરૂ | ૨૦૦૧ | ૩૭૪ |
| ધાણા | ૧૫૦૧ | ૨૭૯૬ |
| લસણ | ૩૦૦ | ૩૦૦ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૩૯૧ |
| **મહુવા** | | |
| શીંગ મગડી | ૧૫૧૮ | ૧૫૪૦ |
| શીંગ ગીરનારી | ૧૩૧૧ | ૧૩૩૬ |
| શીંગ ૩૨ | ૧૧૨૮ | ૧૨૯૯ |
| શીંગ જી-૨૦ | ૧૦૯૨ | ૧૩૮૦ |
| એરંડા | ૧૩૦૦ | ૧૩૬૫ |
| જુવાર | ૪૯૧ | ૧૦૧૧ |
| બાજરી | ૩૭૭ | ૫૨૯ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૬૨ |
| મકાઈ | ૩૪૮ | ૪૦૬ |
| અડદ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| મગ | ૭૦૦ | ૧૮૪૨ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૭૦ |
| ચણા | ૫૪૫ | ૧૧૫૮ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૪૭૭ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૬૨૬ |
| તુવેર | ૧૧૨૦ | ૧૩૦૧ |
| રાય | ૧૫૨૦ | ૧૫૨૦ |
| ડુંગળી લાલ | ૮૦ | ૪૮૨ |
| ડુંગળી સફેદ | ૨૫૧ | ૪૨૯ |
| નાળીયેર | ૮૨૦ | ૨૨૭૧ |

| | | |
|---|---|---|
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૫૦ | ૧૬૪૪ |
| મગફળી નવી | ૧૧૫૦ | ૧૪૫૬ |
| બાજરી હાઈબ્રીડ | ૩૭૦ | ૫૦૭ |
| ઘઉં | ૪૩૦ | ૫૩૯ |
| રાય | ૧૩૦૦ | ૧૫૫૦ |
| મેથી | ૮૦૦ | ૧૨૫૦ |
| જુવાર | ૯૦૦ | ૧૦૭૦ |
| ચોળી | ૮૦૦ | ૧૬૮૨ |
| અડદ | ૧૭૭૦ | ૧૮૪૩ |
| મગ | ૧૩૫૦ | ૧૮૪૦ |
| એરડી | ૧૧૫૦ | ૧૩૨૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૩૨ |
| સફેદ તલ | ૨૧૦૦ | ૨૬૧૨ |
| કાળા તલ | ૨૧૦૦ | ૨૬૧૨ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૪૦૦ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૨૩૫૨ |
| રજકો | ૪૦૦૦ | ૮૮૦૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૮૦૦ | ૧૧૦૫ |
| બાજરો | ૩૧૦ | ૫૭૫ |
| ઘઉં | ૩૫૦ | ૪૯૯ |
| મગ | ૧૪૫૦ | ૧૬૯૫ |
| અડદ | ૮૦૫ | ૧૮૦૦ |
| તુવેર | ૯૪૦ | ૧૩૯૫ |
| ચોળી | ૨૯૦ | ૧૨૦૦ |
| મેથી | ૯૯૦ | ૧૧૫૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૫૫ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૩૬૬ |
| તલ | ૧૫૦૦ | ૨૫૭૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૪૨૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૩૫૧ |
| રાઈ | ૧૨૦૦ | ૧૬૪૦ |
| લસણ | ૮૦૦ | ૨૩૬૦ |
| કપાસ | ૯૫૦ | ૧૭૯૦ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૧૦૦ |
| અજમો | ૨૩૬૦ | ૩૪૨૫ |
| અજમાની ભૂસી | ૫૦ | ૩૦૦૦ |
| ધાણા | ૨૩૬૦ | ૨૬૮૫ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૮૦ |
| સીંગદાણા | ૧૩૦૦ | ૧૭૨૦ |
| વટાણા | ૪૯૦ | ૭૮૫ |
| કલોંજી | ૧૯૪૦ | ૩૩૯૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૫૫૦ |
| તલ કાળા | ૨૬૭૧ | ૩૫૦૦ |
| કપાસ | ૧૬૦૦ | ૧૭૬૧ |
| બાજરો | ૩૭૧ | ૫૦૧ |
| ઘઉં ટુકડા | ૩૦૦ | ૪૮૪ |
| જુવાર | ૮૧૭ | ૧૨૦૧ |
| મકાઈ | ૩૮૦ | ૩૮૦ |
| મગ | ૧૩૦૦ | ૧૬૭૦ |
| તુવેર | ૧૦૪૦ | ૧૩૦૧ |
| ચણા | ૬૫૦ | ૧૧૪૧ |
| ચોળી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૧૦૧૧ | ૧૩૩૮ |
| શીંગદાણા | ૧૭૦૦ | ૧૭૩૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# બાબરાના નીલવડા રેવન્યુ વિસ્તારમાંથી ગેરકાયદે લાકડાં ભરેલો ટ્રક ઝડપાયો

અમરેલી,તા.૨૪



બાબરા તાલુકાના નીલવડા રેવન્યુ વિસ્તારમાં વન વિભાગે ગેરકાયદેસર લાકડાંની હેરફેર સામે કાર્યવાહી કરતાં લાકડાં ભરેલો એક આઈસર ટ્રક ઝડપી પાડ્યો હતો.

આર.એફ.ઓ. જે.પી. પટાટની સૂચનાથી રાઉન્ડ ફોરેસ્ટર દીપકભાઈ સોંદરવા, રવિરાજભાઈ ખુમાણ અને જયવીરભાઈ ખાચરે તા. ૨૨ જૂન, ૨૦૨૬ના રોજ પેટ્રોલિંગ દરમિયાન આ કાર્યવાહી હાથ ધરી હતી. તપાસ દરમિયાન આઈસર નંબર GJ03PY૯૧૩૬ કોઈપણ પાસ કે પરમીટ વિના લાકડાંનું પરિવહન કરતો હોવાનું સામે આવ્યું હતું. ટ્રકના ચાલક રાહુલ શીગડ સામે ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. વન વિભાગે પર્યાવરણને થયેલા નુકસાન બદલ રૂ. ૪૦ હજારનો દંડ વસૂલ કરી વધુ કાનૂની કાર્યવાહી શરૂ કરી છે. સાથે જ બાબરા અનામત જંગલની ૧.૬ કિમી ત્રિજ્યામાં ગેરકાયદે વૃક્ષછેદન કે લાકડાંની હેરફેર સામે કડક પગલાં ભરવાની ચેતવણી આપવામાં આવી છે.

# બાબરામાં જનકભાઈ તળાવીયાની શિક્ષકો સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

**ગુણવત્તાયુક્ત શિક્ષણ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અંગે વિચારવિમર્શ**

બાબરા,તા.૨૪



બાબરા શહેરની શ્રી કમળશી હાઈસ્કૂલ ખાતે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ શિક્ષકો સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. બેઠકમાં શાળાની શૈક્ષણિક પ્રવૃત્તિઓ, શિક્ષણની ગુણવત્તામાં વધારો, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ તેમજ આધુનિક અને મૂલ્યલક્ષી શિક્ષણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. ધારાસભ્યશ્રીએ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે સંસ્કાર, શિસ્ત અને જીવનમૂલ્યોનું માર્ગદર્શન મળે તે માટે ભાર મૂક્યો. તેમણે શિક્ષકોને સમાજના સાચા ઘડવૈયા ગણાવી તેમની કામગીરીની પ્રશંસા કરી. બેઠક દરમિયાન શૈક્ષણિક પરિણામોમાં સુધારો, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન અને શાળાના વિકાસ માટે શિક્ષકોના સૂચનો પણ સાંભળવામાં આવ્યા હતા.

# ધારી આઈ.ટી.આઈ ખાતે આજે રોજગાર ભરતી મેળાનું આયોજન

અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લાના રોજગાર ઈચ્છુક યુવાનો માટે ખુશખબરરૂપે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ધારી ખાતે તા. ૨૫ જૂન, ૨૦૨૬ના રોજ રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

ખાનગી ક્ષેત્રની અગ્રણી કંપની મુંદ્રા સોલાર પ્રા. લિ. (અદાણી સોલાર) દ્વારા મશીન ઓપરેટર, ટેકનિશિયન અને ટ્રેઈનીની જગ્યાઓ માટે ભરતી કરવામાં આવશે. ધોરણ ૧૦, ધોરણ ૧૨, ગ્રેજ્યુએટ તેમજ આઈ.ટી.આઈ.ના તમામ ટ્રેડના પાસઆઉટ ઉમેદવારો અરજી કરી શકશે.

પસંદગી પામનાર ઉમેદવારોને રૂ. ૧૬,૬૪૫ થી ૧૮,૬૪૦ સુધીનો પગાર મળશે. ઉમેદવારોએ આધાર કાર્ડ અને શૈક્ષણિક પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

# વડિયા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

**બંને ધર્મના આગેવાનોએ તહેવારો શાંતિપૂર્ણ માહોલમાં ઉજવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો**

વડિયા,તા.૨૪



વડિયામાં આવનારા તહેવારો દરમિયાન શાંતિ, સલામતી અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી વડિયા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકનું અધ્યક્ષસ્થાન ઈન્ચાર્જ પીઆઈ ગોહિલે સંભાળ્યું હતું. બેઠકમાં હિન્દુ અને મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બંને સમાજના પ્રતિનિધિઓને તહેવારોની ઉજવણી દરમિયાન કાયદાની મર્યાદાનું પાલન કરવા, પરસ્પર સૌહાર્દ જાળવવા અને કોઈપણ પ્રકારની અફવા કે ઉશ્કેરણીજનક પ્રવૃત્તિથી દૂર રહેવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપસ્થિત આગેવાનોએ તહેવારો શાંતિપૂર્ણ રીતે ઉજવવા તેમજ કોઈ અનિચ્છનીય ઘટના ન બને તેની પૂરતી કાળજી રાખવાની ખાતરી આપી હતી. બેઠક સૌહાર્દ અને એકતાના સંદેશ સાથે પૂર્ણ થઈ હતી.

# મહેમાનોની હાજરીમાં રામપર પ્રાથમિક શાળામાં પ્રગતિનો પ્રવેશોત્સવ ઉજવાયો

અમરેલી,તા.૨૪



રામપર પ્રાથમિક શાળામાં તા. ૨૪ જૂન, ૨૦૨૬ના રોજ 'પ્રગતિનો પ્રવેશોત્સવ' ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે જિલ્લા રમતગમત અધિકારી પૂનમબેન ફુમકિયા, લાયસન્સ ઓફિસર નિલેશભાઈ બઢિયા, ગામના સરપંચ બાબુભાઈ અમદાવાદી, જિલ્લા પંચાયતના સભ્ય સંજયભાઈ તારપરા, તાલુકા કારોબારી સદસ્ય ચિરાગભાઈ પરમાર તથા તાલુકા સંઘના પ્રમુખ હિતેશભાઈ સોરઠિયા ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે નવા વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગામના આગેવાનો, દાતાઓ, વાલીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ધોરાજીમાં સ્મશાન ગૃહમાં ભ્રષ્ટાચાર મુદ્દે વિવાદ વકર્યો

ધોરાજી,તા.૨૪

ધોરાજીના કુંભારવાડામાં આવેલું શહેરનું એકમાત્ર કૈલાશ ધામ સ્મશાન ગૃહ હાલ ભ્રષ્ટાચારના આક્ષેપોને લઈને ભારે વિવાદમાં સપડાયું છે. સ્મશાનના નવીનીકરણમાં હલકું અને ગુણવતા વગરનું કામ થયું છે. સ્થાનિક પ્રબુધ્ધ નાગરિકો અને અને ધારાશાસ્ત્રીઓએ જ્યારે આ સ્મશાન ગૃહની રૂબરૂ મુલાકાત લીધી, ત્યારે ત્યાં ચાલી રહેલી કામગીરી પર અનેક સવાલો ઊભા થયા હતા. આ કામ માટે અંદાજે રૂ.૮૧ લાખ જેવી માતબર રકમ મંજૂર કરવામાં આવી હતી. આ રકમમાંથી બેલાની દીવાલો, થાંભલા અને અન્ય સ્ટ્રક્ચરનું કામ કરવાનું હતું. પરંતુ નગરપાલિકા તંત્રની રહેમનજર હેઠળ કોન્ટ્રાક્ટરે નબળું કામ કરીને સરકારી નાણાંનો ધુમાડો કર્યો હોવાના આક્ષેપ સાથે મીડિયા સમક્ષ પુરાવા રજૂ કરાયા હતા. આ ગંભીર આક્ષેપો વચ્ચે ભાજપના વરિષ્ઠ અગ્રણી મીડિયા સમક્ષ આ કામમાં ભ્રષ્ટાચાર થયો હોવાની વાતનો સ્વીકાર કર્યો છે. ધોરાજી શહેર ભાજપના પૂર્વ મહામંત્રી, પૂર્વ નગરસેવક, વિપક્ષી નેતા અને વિધાનસભાના પૂર્વ ઉમેદવાર રહી ચૂકેલા આ અગ્રણીએ જણાવ્યું કે, સ્મશાન ગૃહની નબળી કામગીરી બાબતે નગરપાલિકાના ભાજપના જ સદસ્યોએ ચીફ ઓફિસર અને પ્રમુખને ધારદાર રજૂઆતો કરી હતી, તેમજ ઉચ્ચ સ્તરે પણ ફરિયાદો મોકલાઈ હતી. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે, આટલી રજૂઆતો છતાં કોન્ટ્રાક્ટરે શાસક પક્ષના સદસ્યો કે આગેવાનોને દાદ દીધી નહોતી અને પોતાની મનમાની ચાલુ રાખી ભ્રષ્ટાચારનો ખુલ્લો દોર ચાલુ રાખ્યો હતો.

# કૌશિક વેકરીયાની હાજરીમાં કમિગઢ પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સની કરાઈ ઉજવણી

અમરેલી,તા.૨૪



અમરેલી કમિગઢ પ્રાથમિક શાળા ખાતે આજે 'શાળા પ્રવેશોત્સવ ૨૦૨૬'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે મંત્રી કૌશિક વેકરિયાએ નવી શૈક્ષણિક સફર શરૂ કરનારા તમામ બાળકોનું સ્વાગત કરીને તેમને પ્રોત્સાહિત કર્યા અને શુભકામનાઓ પાઠવી. તેમણે વાલીઓને સંબોધતાં જણાવ્યું કે ગુજરાત સરકાર બાળકોના શિક્ષણ માટે સંપૂર્ણ સહકાર આપી રહી છે, તેથી માતા-પિતાએ પણ બાળકોના અભ્યાસ પર પૂરતું ધ્યાન આપવું જોઈએ. તેમણે ખાસ કરીને દીકરીઓના શિક્ષણ પર ભાર મૂકતાં જણાવ્યું કે દીકરી બે કુટુંબનું ગૌરવ હોય છે, તેથી દરેક દીકરીને શિક્ષણ આપવું સમયની મહત્વપૂર્ણ જરૂરિયાત છે.

# જાફરાબાદના વાંઢ ગામના પાટિયા પાસે બે બાઈક વચ્ચે અકસ્માત

જાફરાબાદ, તા. ૨૪

જાફરાબાદના વાંઢ ગામના પાટિયા પાસે બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અંગે મિતિયાળા ગામે રહેતા શૈલેષભાઈ જસાભાઈ ભટ્ટીએ મોટર સાયકલ નંબર જીજે-૧૪-બીઈ-૨૧૦૭ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેમના મોટાભાઈ ભાવેશભાઈ નોકરી માટે પોતાની મોટર સાયકલ લઈને નીકળ્યા હતા. તેઓ જ્યારે મિતિયાળા ગામથી વાંઢ ગામ જવાના પાટિયા પાસે રોડ ઉપર પહોંચ્યા, ત્યારે સામેથી આવેલા મોટર સાયકલ ચાલકે અચાનક, કોઈપણ સિગ્નલ આપ્યા વગર કે હાથ વડે ઈશારો કર્યા વગર વળાંક લેતા તેમના ભાઈની મોટર સાયકલ તેની સાથે અથડાઈ હતી. અકસ્માતમાં તેમના ભાઈ ફંગોળાઈને નીચે પડી જતાં તેમને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થઈ હતી તેમજ કાન અને નાકમાંથી લોહી નીકળવા લાગ્યું હતું. શરીરે નાની-મોટી અન્ય ઈજાઓ થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલ તેમના ભાઈ બેભાન અવસ્થામાં છે અને કંઈ બોલી કે ચાલી શકે તેમ નથી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. એમ. ચુડાસમા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# આજે અમરેલીના સારહિ તપોવન આશ્રમ ખાતે તપેશ્વર મહાદેવ મંદિરનો પ્રથમ પાટોત્સવ

**લઘુરુદ્ર યજ્ઞ અને ગાયત્રી યજ્ઞના આયોજન સાથે ભક્તોને આમંત્રણ અપાયુ**

અમરેલી,તા.૨૪



અમરેલી સ્થિત સારહિ યુથ ક્લબ સંચાલિત સારહિ તપોવન આશ્રમ ખાતે આવેલા તપેશ્વર મહાદેવ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાને એક વર્ષ પૂર્ણ થતાં તા. ૨૫ જૂન, ૨૦૨૬ના રોજ પ્રથમ પાટોત્સવની ઉજવણી કરવામાં આવશે. આ અવસરે સવારે ૮:૩૦ વાગ્યાથી લઘુરુદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. યજમાન તરીકે સારથી યુથ ક્લબના પ્રમુખ મુકેશ સંઘાણી પરિવાર સાથે ઉપસ્થિત રહેશે. યજ્ઞની પૂર્ણાહુતિ સાંજે ૫:૦૦ કલાકે થશે. ઉપરાંત સવારે ૭:૪૫થી ૧૦:૦૦ વાગ્યા સુધી ગાયત્રી યજ્ઞ યોજાશે. આ પવિત્ર પ્રસંગે તમામ ભાવિક ભક્તજનોને પરિવાર સાથે ઉપસ્થિત રહી ધર્મલાભ લેવા સારથી પરિવાર દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.202/2026
જન્મ તારીખ : 11/12/1990

મંજુલાબેન ગુલાબપુરી ગૌસ્વામી
રહે.મોરવડ, ગામ-મોરવડ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત - મોરવડ, તા.કોડીનાર, કોડીનાર
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મંજુલાબેન ગુલાબપુરી ગૌસ્વામી, રહે.મોરવડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ગુલાબપુરી મકનપુરી ગૌસ્વામી તથા મંજુલાબેન ગુલાબપુરી ગૌસ્વામીના પુત્ર પ્રફુલપુરી ગુલાબપુરી ગૌસ્વામીનો જન્મ તારીખ.11/12/1990 ના રોજ કોડીનાર તાલુકાના મોરવડ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.199/2026
જન્મ તારીખ : 14/08/2022

ચાવડા સરફરાજભાઈ અલ્લારખાભાઈ
રહે.શેઢાયા, ગામ-શેઢાયા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત - શેઢાયા, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ચાવડા સરફરાજભાઈ અલ્લારખાભાઈ, રહે.શેઢાયા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ચાવડા સરફરાજભાઈ અલ્લારખાભાઈ તથા ચાવડા આફરીબેન સરફરાજભાઈના પુત્ર આહીલ સરફરાજભાઈ ચાવડાનો જન્મ તારીખ.14/08/2022 ના રોજ કોડીનાર તાલુકાના શેઢાયા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.188/2026
જન્મ તારીખ : 13/04/2001

શ્રી ભીખાભાઈ રામાભાઈ રાઠોડ,
રહે.વેલણ, ગામ-વેલણ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત - વેલણ જુથ, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ભીખાભાઈ રામાભાઈ રાઠોડ, રહે.વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી શ્રી ભીખાભાઈ રામાભાઈ રાઠોડ તથા જયાબેન ભીખાભાઈ રાઠોડના પુત્ર વિવેકકુમાર ભીખાભાઈ રાઠોડનો જન્મ તારીખ.13/04/2001 ના રોજ કોડીનાર તાલુકાના માઢવાડ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.140/2026
જન્મ તારીખ : 01/06/1974

શ્રી ચારણીયા જીવીબેન જીવાભાઈ,
રહે.દેવલપુર, ગામ-દેવલપુર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત - દેવપુર, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ચારણીયા જીવીબેન જીવાભાઈ, રહે.દેવલપુર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ચારણીયા જીવાભાઈ નારણભાઈ તથા ચારણીયા જીવીબેન જીવાભાઈના પુત્ર ચારણીયા રામભાઈ જીવાભાઈનો જન્મ તારીખ.01/06/1974 ના રોજ કોડીનાર તાલુકાના દેવલપુર મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.198/2026
જન્મ તારીખ : 01/06/1982

મણીબેન બાબુભાઈ ચારણીયા
રહે.કોટડા, ગામ-કોટડા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત - વેલણ-કોટડા-માઢવડ જુથ, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મણીબેન બાબુભાઈ ચારણીયા, રહે.કોટડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી બાબુભાઈ દેવાભાઈ ચારણીયા તથા મણીબેન બાબુભાઈ ચારણીયાના પુત્ર મહેશ બાબુ ચારણીયાનો જન્મ તારીખ.01/06/1982 ના રોજ કોડીનાર તાલુકાના કોટડા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# સિંધુ નદીના પાણીનો ભારત સંપૂર્ણ ઉપયોગ કરશે: જળમંત્રી સી.આર. પાટીલ

નવી દિલ્હી, તા.૨૪




ભારત અને પાકિસ્તાન વચ્ચે સિંધુ જળ સંધિનો મુદ્દો ફરી ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. કેન્દ્રીય જળ સંસાધન મંત્રી સી.આર. પાટીલએ જણાવ્યું હતું કે ભારત પોતાના હિસ્સાનું પાણી સંપૂર્ણ રીતે ઉપયોગમાં લેવા માટે કાર્ય કરી રહ્યું છે. તેમના નિવેદન બાદ પાકિસ્તાન તરફથી પણ તીવ્ર પ્રતિક્રિયા જોવા મળી છે. પાકિસ્તાનના નેતાઓ સિંધુ ખીણ સંસ્કૃતિ અને મોહેંજો-દડો જેવા ઐતિહાસિક સ્થળોના આધારે સિંધુ નદી પર પોતાના દાવાને મજબૂત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. જોકે નિષ્ણાતોનું માનવું છે કે પાણીના અધિકારોનો મુદ્દો ઐતિહાસિક વારસા નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય કરારો અને જળ વ્યવસ્થાપનના નિયમો દ્વારા નક્કી થાય છે. વિશ્લેષકોના જણાવ્યા મુજબ, સિંધુ જળ સંધિની સમીક્ષા, પાણીની ઉપલબ્ધતા, આબોહવા પરિવર્તન અને બંને દેશોની વર્તમાન જરૂરિયાતોના આધારે થવી જોઈએ. હાલમાં આ મુદ્દો માત્ર જળ વિતરણનો નહીં પરંતુ વ્યૂહાત્મક અને રાજદ્વારી મહત્વનો વિષય બની ગયો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં આ મુદ્દો આગામી સમયમાં વધુ મહત્વનો બની શકે છે.

# ઈરાને અલી ખામેનીના અંતિમ સંસ્કારમાં હાજરી માટે પીએમ મોદીને આમંત્રણ પાઠવ્યું

નવી દિલ્હી, તા.૨૪



ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયનએ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ઈરાનના ભૂતપૂર્વ સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા આમંત્રણ પાઠવ્યું હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. જોકે, આ અંગે નવી દિલ્હી તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

માહિતી અનુસાર, અંતિમ સંસ્કારની વિધિઓ ૫ જુલાઈથી શરૂ થશે. ૭ જુલાઈએ પવિત્ર શહેર કોમમાં વિશેષ શોકસભા યોજાશે, જ્યારે ૯ જુલાઈએ મશહદ શહેરમાં દફનવિધિ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં વિશ્વભરના અનેક નેતાઓ અને લાખો શ્રદ્ધાળુઓ હાજરી આપે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. અહેવાલો મુજબ, ઈરાન અને અમેરિકા વચ્ચે તાજેતરમાં શાંતિ પ્રયાસો તેજ બન્યા છે અને બંને દેશો વચ્ચે ઉચ્ચસ્તરીય વાટાઘાટો પણ ચાલી રહી છે. આ સંજોગોમાં ખામેનીના અંતિમ સંસ્કારને વૈશ્વિક રાજદ્વારી દૃષ્ટિએ પણ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે. બંને દેશો વચ્ચે લાંબા ગાળાની શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે હાલમાં સ્વિટ્ઝર્લેન્ડમાં ઉચ્ચ-સ્તરીય વાટાઘાટો ચાલી રહી છે.

# અભિષેક બેનર્જીને હાઈકોર્ટનો ઝટકો, વિદેશ જવાની અરજી મુલતવી

કોલકાતા, તા.૨૪

તૃણમૂલ કોંગ્રેસના સાંસદ અભિષેક બેનર્જીને કોલકાતા હાઈકોર્ટમાંથી રાહત મળી નથી. આંખની સારવાર માટે વિદેશ જવાની પરવાનગી માંગતી તેમની અરજી પર તાત્કાલિક સુનાવણી કરવાની વિનંતી કોર્ટે ફગાવી દીધી છે અને મામલાની સુનાવણી આગામી સોમવાર સુધી મુલતવી રાખી છે. અભિષેક બેનર્જીએ અગાઉના કોર્ટ આદેશમાં છૂટછાટ માગી હતી, કારણ કે હાલ તેઓ કોર્ટની મંજૂરી વિના દેશ છોડીને જઈ શકતા નથી. તેમના વકીલે તબીબી કારણોસર વહેલી સુનાવણીની માંગ કરી હતી, પરંતુ ન્યાયાધીશે કેસોની યાદી મુજબ જ સુનાવણી થશે તેમ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ૨૦૧૬માં થયેલા માર્ગ અકસ્માતમાં તેમની ડાબી આંખને ગંભીર ઈજા પહોંચી હતી, જેના કારણે તેઓ અગાઉ પણ અનેક વખત વિદેશમાં સારવાર કરાવી ચૂક્યા છે. હાલમાં તેમની વિદેશ યાત્રા અંગેનો નિર્ણય આગામી સુનાવણી બાદ થશે.

# ચંદ્રાબાબુ નાયડુએ દેશની સૌથી મોટી ખાનગી સોનાની ખાણનું ઉદ્દઘાટન કર્યું

હૈદરાબાદ, તા.૨૪



આંધ્રપ્રદેશના કુર્નુલ જિલ્લાના જાનાગિરી વિસ્તારમાં દેશના સૌથી મોટા ખાનગી ક્ષેત્રના સોનાની ખાણકામ પ્રોજેક્ટનું બુધવારે ભવ્ય ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું. રાજ્યના મુખ્યમંત્રી એન. ચંદ્રાબાબુ નાયડુએ પ્રોજેક્ટનો પ્રારંભ કરાવ્યો હતો. અંદાજે ૪૦૫ કરોડ રૂપિયાના ખર્ચે વિકસિત આ પ્રોજેક્ટ જીઓ મૈસુર સર્વિસિસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને ડેક્કન ગોલ્ડ માઈન્સ લિમિટેડ દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવ્યો છે. પ્રોજેક્ટ અંતર્ગત ગોલ્ડ પ્રોસેસિંગ પ્લાન્ટનું પ્રથમ યુનિટ કાર્યરત કરવામાં આવ્યું છે, જ્યારે બીજા યુનિટનો શિલાન્યાસ પણ કરવામાં આવ્યો છે. ટ્રાયલ રન પૂર્ણ થતાં હવે વ્યાવસાયિક ધોરણે સોનાનું ઉત્પાદન શરૂ થશે. રાજ્ય સરકારે પ્રોજેક્ટ માટે ૧,૫૦૦ એકર જમીન ફાળવી છે, જેમાં પ્રથમ તબક્કામાં ૬૦૦ એકર વિસ્તારમાં ખાણકામ શરૂ થશે. પ્રથમ વર્ષે આશરે ૪૦૦ કિલોગ્રામ સોનાનું ઉત્પાદન થવાની સંભાવના છે, જે આગામી વર્ષે વધીને ૯૦૦ કિલોગ્રામ સુધી પહોંચી શકે છે. ભવિષ્યમાં ઉત્પાદન ક્ષમતા વધતાં દર વર્ષે ૨ ટન સોનાનું ઉત્પાદન શક્ય બનશે. આ પ્રોજેક્ટથી આશરે ૭૦૦ લોકોને રોજગારી મળશે. ઉપરાંત, રાજ્ય સરકારને રોયલ્ટી રૂપે નોંધપાત્ર આવક થશે, જે ૯૦૦ કિલોગ્રામ ઉત્પાદનના સ્તરે આશરે ૧૪૪ કરોડ રૂપિયા સુધી પહોંચી શકે છે.

# એર ટિકિટ ૨૫ ટકા સુધી મોંઘી થાય તેવી સંભાવના

નવી દિલ્હી, તા.૨૪

આગામી મહિનાઓમાં હવાઈ મુસાફરી મોંઘી બનવાની શક્યતા છે. વૈશ્વિક કન્સલ્ટિંગ ફર્મ મેકકિન્સીના અહેવાલ મુજબ જેટ ઈંધણના વધતા ભાવ અને પુરવઠા સંબંધિત પડકારોને કારણે એરલાઈન્સના સંચાલન ખર્ચમાં વધારો થઈ રહ્યો છે. તેના કારણે હવાઈ ટિકિટના ભાવમાં ૨૦થી ૨૫ ટકા સુધીનો વધારો થઈ શકે છે.અહેવાલમાં જણાવાયું છે કે મધ્ય પૂર્વમાં ભૂરાજકીય તણાવ, મર્યાદિત રિફાઈનરી ક્ષમતા અને જેટ ઈંધણના ઘટતા પુરવઠાને કારણે વૈશ્વિક બજારમાં દબાણ વધ્યું છે. ઉનાળાની મુસાફરીની મોસમ પહેલાં માંગમાં વધારો થતાં કિંમતો વધુ ઊંચી જઈ રહી છે. મેકકિન્સીના અંદાજ મુજબ એરલાઈનના કુલ ખર્ચમાં ઈંધણનો હિસ્સો આશરે ૩૦ ટકા હોય છે. જો ઈંધણના ભાવમાં સતત વધારો ચાલુ રહેશે તો એરલાઈન્સ વધારાનો ખર્ચ મુસાફરો પર નાખી શકે છે.

# લખનૌ આગકાંડ બાદ રાજ્યભરમાં કડક કાર્યવાહી, ૧૦૦થી વધુ કોચિંગ સંસ્થાઓ સીલ

લખનૌ, તા.૨૪



લખનૌમાં બનેલી દુઃખદ આગની ઘટના બાદ ઉત્તર પ્રદેશ સરકાર સક્રિય બની છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નિર્દેશ બાદ રાજ્યભરમાં કોચિંગ સંસ્થાઓ સામે વિશેષ નિરીક્ષણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. પોલીસ, ફાયર વિભાગ, વહીવટીતંત્ર અને વિદ્યુત સલામતી વિભાગની સંયુક્ત ટીમોએ વિવિધ જિલ્લાઓમાં તપાસ શરૂ કરી છે. લખનૌ, કાનપુર, ગોરખપુર, પ્રયાગરાજ, મેરઠ, આગ્રા અને અન્ય શહેરોમાં હાથ ધરાયેલી કાર્યવાહીમાં ૧૦૦થી વધુ કોચિંગ સંસ્થાઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. કાનપુરના કાકદેવ વિસ્તારમાં જ ૩૦થી વધુ સંસ્થાઓ સીલ કરવામાં આવી છે. અનેક સ્થળોએ પાર્કિંગ માટે ફાળવાયેલા ભોંયરાંને ગેરકાયદેસર રીતે વર્ગખંડોમાં ફેરવવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. પ્રયાગરાજ, વારાણસી, મિર્ઝાપુર, જૌનપુર અને ચંદૌલીમાં પણ તપાસ ચાલુ છે. ફાયર સેફ્ટી સાધનો, ઈમરજન્સી એક્ઝિટ, મંજૂર નકશા અને મકાન સલામતી ધોરણોના ઉલ્લંઘન બદલ અનેક સંસ્થાઓને સીલ કરવામાં આવી છે.

# કાન્હા ટાઈગર રિઝર્વમાં કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસથી બે મહિનામાં ૭ વાઘના મોત

ભોપાલ, તા.૨૪



મધ્યપ્રદેશના પ્રખ્યાત કાન્હા ટાઈગર રિઝર્વમાં કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસનો ખતરો ગંભીર બન્યો છે. તાજેતરમાં વધુ એક વાઘનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં છેલ્લા બે મહિનામાં વાયરસથી મૃત્યુ પામેલા વાઘોની સંખ્યા સાત પર પહોંચી છે. વન વિભાગના જણાવ્યા અનુસાર, ૪ જૂનના રોજ કિસલી રેન્જમાં એક વાઘ ગંભીર રીતે બીમાર હાલતમાં મળી આવ્યો હતો. તેને બચાવીને મુક્કી ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં નિષ્ણાતોની દેખરેખ હેઠળ સારવાર આપવામાં આવી હતી. જોકે સતત સારવાર છતાં તેની સ્થિતિમાં સુધારો ન થતાં મંગળવારે તેનું મૃત્યુ થયું હતું. આ અગાઉ સરહી રેન્જમાં એક વાઘણ અને તેના ચાર બચ્ચાં સહિત અનેક વાઘોના મોત પણ સીડીવી ચેપને કારણે થયા હતા. મે મહિનામાં પ્રખ્યાત મહાવીર વાઘનું પણ આ જ વાયરસથી મૃત્યુ થયું હતું. વાઘોના સતત મૃત્યુને કારણે વન વિભાગ અને વન્યજીવન નિષ્ણાતોમાં ચિંતા વધી છે.

# અયોધ્યા પ્રસાદ ચોરી મામલે અખિલેશ યાદવનો ભાજપ પર પ્રહાર

લખનૌ, તા. ૨૪



સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે અયોધ્યાના રામ મંદિર ખાતે પ્રસાદ ચોરીના મામલે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. લખનૌમાં મીડિયા સાથે વાતચીત દરમિયાન તેમણે જણાવ્યું કે અયોધ્યામાં ગંભીર પાપ થયું છે અને એસઆઈટીનો પ્રાથમિક અહેવાલ અનેક સવાલો ઉભા કરે છે. તેમણે ટિપ્પણી કરતાં કહ્યું કે "એસઆઈટી એટલે ચોરીમાં હિસ્સો" અને કેસમાં હજુ સુધી એફઆઈઆર નોંધાઈ ન હોવા અંગે પ્રશ્ન ઉઠાવ્યો.

અખિલેશે દાવો કર્યો કે લાખો ભક્તોએ મંદિરને મોટું દાન આપ્યું છે, તેથી પારદર્શક તપાસ જરૂરી છે. તેમણે આરોપીઓને બચાવવાના પ્રયાસો ન કરવા અને સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી. સાથે જ તેમણે મધ્યપ્રદેશના કથિત જમીન કૌભાંડ અને ભાજપની નીતિઓ અંગે પણ સરકારની ટીકા કરી હતી.

# સાંવલિયા શેઠ મંદિરમાં દાનનો વરસાદ, જૂનમાં મળ્યા ૪૦.૮૧ કરોડ રૂપિયા

ઉદયપુર, તા.૨૪

રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લામાં આવેલા પ્રસિદ્ધ શ્રી સાંવલિયા શેઠ મંદિરમાં જૂન મહિનાની તિજોરી ગણતરી પૂર્ણ થઈ છે. મંદિર બોર્ડના જણાવ્યા મુજબ આ વખતે કુલ ૪૦ કરોડ ૮૧ લાખ ૪૦ હજાર ૨૭૮ રૂપિયાનું દાન પ્રાપ્ત થયું છે. તેમાં તિજોરીમાંથી મળેલા ૩૩.૧૫ કરોડ રૂપિયા તેમજ ઓનલાઈન અને દાનખંડ મારફતે મળેલા ૭.૬૬ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે.ગણતરી દરમિયાન ભક્તોએ દાનરૂપે ૧ કિલો ૭૩૮ ગ્રામ ૮૦૦ મિલિગ્રામ સોનું અને ૧૧૦ કિલો ૬૪૮ ગ્રામ ચાંદી પણ અર્પણ કરી હતી. ગયા વર્ષના જૂન મહિનાની સરખામણીએ દાનમાં આશરે ૧૧ કરોડ રૂપિયાનો વધારો નોંધાયો છે. મંદિર બોર્ડે જણાવ્યું કે દાનમાં થયેલો વધારો ભક્તોની વધતી શ્રદ્ધા અને વિશ્વાસનું પ્રતિબિંબ છે.

# મુંબઈ ચાલુ લોકલ ટ્રેનમાં યુવકની છરીના ઘા મારી નિર્મમ હત્યા કરાઈ

મુંબઈ, તા. ૨૪



મુંબઈની લોકલ ટ્રેનમાં મુસાફરી દરમિયાન એક યુવકની છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. મૃતકની ઓળખ વિરારના રહેવાસી મયંક લોહાર તરીકે થઈ છે. ઘટના અંધેરી અને બોરીવલી સ્ટેશન વચ્ચે બની હતી. માહિતી મુજબ ભારે વરસાદને કારણે કોચમાં પાણી ઘૂસી રહ્યું હતું. મયંકે એક મુસાફરને દરવાજો બંધ કરવા જણાવ્યું હતું, જેને લઈને બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ઝઘડો વધતા આરોપીએ બેગમાંથી છરી કાઢી મયંકના પેટમાં ઘા ઝીંક્યો હતો. ગંભીર રીતે ઘાયલ મયંકનું સારવાર દરમિયાન મોત થયું હતું.

# ઈઝરાયલ અને અમેરિકા વચ્ચે મતભેદ હોવા છતાં સંબંધો મજબૂત: નેતન્યાહૂ

જેરુસલેમ, તા.૨૪



ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ એવા દાવાઓને નકારી કાઢ્યા છે કે તેઓ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના દરેક નિર્દેશનું પાલન કરે છે. જેરુસલેમ ન્યૂઝ સિન્ડિકેટની આંતરરાષ્ટ્રીય નીતિ સમિટ-૨૦૨૬માં સંબોધન દરમિયાન તેમણે જણાવ્યું હતું કે બંને દેશો સ્વતંત્ર અને ગૌરવશાળી રાષ્ટ્રો છે અને ક્યારેક તેમના મંતવ્યોમાં ભિન્નતા જોવા મળે છે.

નેતન્યાહુએ કહ્યું કે તેઓ ઈઝરાયલના હિતો અને સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે, જ્યારે ટ્રમ્પ અમેરિકા માટે કાર્ય કરે છે. ઘણી વખત બંને દેશોના હિતો એકસરખા હોય છે, પરંતુ કેટલાક મુદ્દાઓ પર મતભેદ પણ ઉભા થાય છે. તેમ છતાં બંને નેતાઓ એકબીજાની સાર્વભૌમતા અને નેતૃત્વનો આદર કરે છે. તાજેતરમાં ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઈઝરાયલ તેમના સૂચનોને મહત્ત્વ આપે છે અને ઘણી વખત તેમનું કહેવું માને છે. લેબનોનમાં ઈઝરાયલી લશ્કરી કાર્યવાહી અને ઈરાન સાથેના કરારને લઈને વોશિંગ્ટન અને જેરુસલેમ વચ્ચે વધતા મતભેદોની વચ્ચે નેતન્યાહુનું આ નિવેદન મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

# નીરવ મોદીને બ્રિટિશ કોર્ટનો ઝટકો: બેંક છેતરપિંડી કેસમાં કરોડો રૂપિયાની ચૂકવણી કરવાનો આદેશ

લંડન, તા.૨૪



ભારતીય હીરા વેપારી નીરવ મોદીને બ્રિટનની હાઈકોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. બેંક છેતરપિંડી સંબંધિત કેસમાં કોર્ટે તેમને વ્યક્તિગત ગેરંટીના આધારે દેવાદાર જાહેર કરીને બાકી રકમ અને વ્યાજ સહિત ચૂકવણી કરવાનો આદેશ આપ્યો છે. ન્યાયાધીશ સિમોન ટિંકલરે આપેલા ચુકાદા મુજબ નીરવ મોદી પર ૪.૧ મિલિયન ડોલર (આશરે ૩૮.૯ કરોડ રૂપિયા)ની મૂળ રકમ બાકી છે, જેના પર વ્યાજ પણ વસૂલવામાં આવશે.

કોર્ટમાં સુનાવણી દરમિયાન નીરવ મોદી અથવા તેમના વકીલ તરફથી કોઈ મજબૂત બચાવ રજૂ કરવામાં આવ્યો નહોતો. નીરવે દલીલ કરી હતી કે ગેરંટી અમલમાં મૂકી શકાય તેવી નથી અને તેમને બેંક તરફથી યોગ્ય માંગણીઓ મળી નહોતી. જોકે કોર્ટે આ દલીલ ફગાવી દીધી હતી.

બેંક ઓફ ઈન્ડિયાએ વર્ષ ૨૦૧૨માં નીરવ મોદીની કંપની ફાયરસ્ટાર ડાયમંડ એફઝેડઈને લોન આપી હતી. વર્ષ ૨૦૧૮માં પંજાબ નેશનલ બેંક કૌભાંડ સામે આવ્યા બાદ બેંકે વસૂલાતની કાર્યવાહી શરૂ કરી હતી. કોર્ટે માન્યું કે નીરવ મોદીને તમામ નોટિસો મળી હતી અને ગેરંટી કાયદેસર રીતે લાગુ પડે છે.

**જિલ્લામાં હત્યાનો સીલસીલો યથાવત, કાયદો-વ્યવસ્થા સામે સવાલો ઉભા થયા**

# અમરેલીમાં સગા ભાઈએ છરીના ઘા ઝીંકી ભાઈને પતાવી દીધો



અમરેલી,તા.૨૪

અમરેલી શહેરમાં મોડી રાત્રે બનેલી એક ચોંકાવનારી ઘટનામાં સગા ભાઈએ જ પોતાના મોટા ભાઈની છરીના ઘા ઝીંકી હત્યા કરી દેતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. સિવિલ હોસ્પિટલ સામે આવેલા ઝૂંપડા નજીક આ ઘટના બની હતી. ઘટનાની જાણ થતાં જ સિટી પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. હત્યા બાદ આરોપી ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, નંદાબેન રમેશ વણોદિયા પોતાના ઝૂંપડા બહાર બેઠા હતા ત્યારે તેમનો પૌત્ર મયુર મુકેશ વણોદિયા હાથમાં ખુલ્લી છરી લઈને ત્યાં આવ્યો હતો. મયુરે દાદી સાથે ઉગ્ર બોલાચાલી શરૂ કરી હતી અને તેમને ધમકી આપતાં અપશબ્દો ઉચ્ચાર્યા હતા. આ દરમિયાન નજીકમાં હાજર નંદાબેનનો મોટો પૌત્ર મનોજ મુકેશ વણોદિયા વચ્ચે પડ્યો હતો અને પોતાના નાના ભાઈને દાદી સાથે આ પ્રકારનું વર્તન ન કરવા સમજાવવાનો પ્રયાસ કર્યો હતો.મનોજની દખલગીરીથી ઉશ્કેરાયેલા મયુરે પહેલા તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ મનોજ તેને શાંત પાડવા અને પકડી રાખવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે મયુરે પોતાના હાથમાં રહેલી છરી વડે મનોજના છાતીના ભાગે ઘાતક ઘા ઝીંક્યો હતો. હુમલા બાદ મયુર ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો.ગંભીર રીતે ઘવાયેલા મનોજને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. સામાન્ય બોલાચાલી અને પારિવારિક વિવાદે હત્યાનું રૂપ ધારણ કરતાં પરિવારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

સિટી પોલીસે મૃતકના પરિવારજનોના નિવેદનો નોંધી આરોપી મયુર વણોદિયા સામે હત્યાનો ગુનો દાખલ કર્યો છે. આરોપીની શોધખોળ માટે વિવિધ ટીમોને કામે લગાડવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીને ઝડપવા માટે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને સમગ્ર મામલે વધુ તપાસ ચાલુ છે.

**દાદી સાથેની બોલાચાલી દરમિયાન વચ્ચે પડેલા યુવક પર જીવલેણ હુમલો, આરોપી ફરાર**

## અમદાવાદમાં સગીરા સાથે અડપલા કરનાર શિક્ષકને પાંચ વર્ષની સજા

અમદાવાદ,તા.૨૪

અમદાવાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે ૧૫ વર્ષની સગીરા સાથે શારીરિક અડપલાં કરી ગંભીર જાતીય સતામણી કરનાર શિક્ષક કમલેશ ચારણને પાંચ વર્ષની સખત કેદ અને દસ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

આરોપી પોતાના ઘરે ટ્યુશન ક્લાસીસ ચલાવતો હતો અને પીડિતા ધોરણ-૧૦માં ભણતી હતી. કેસમાં ચોંકાવનારો વળાંક ત્યારે આવ્યો જ્યારે સગીરા અને તેની માતા કોર્ટમાં નિવેદનથી ફરી ગયા હતા અને કોર્ટે તેમને હોસ્ટાઈલ જાહેર કર્યા હતા. તેમ છતાં, મેજિસ્ટ્રેટ સમક્ષ આપેલા અગાઉના નિવેદન અને મેડિકલ પુરાવાઓને આધારે જજ એચ. એન. દેસાઈએ શિક્ષક જેવા પવિત્ર વ્યવસાયને કલંકિત કરનાર આરોપીને દોષિત ઠેરવી કડક સજા સંભળાવી છે.

## ગુજરાત હાઈકોર્ટે અવગણના કરવા બદલ શિક્ષણ સચિવને ૧ લાખનો દંડ ફટકાર્યો



અમદાવાદ,તા.૨૪

સરકારી અધિકારીઓની બેદરકારીને લઈને ગુજરાત હાઈકોર્ટ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટે શિક્ષણ વિભાગના સચિવને દંડ ફટકારતાં શિક્ષણ વિભાગમાં ફફડાટ જોવા મળ્યો છે. શિક્ષણ વિભાગના સચિવે કોર્ટના હુકમનું પાલન ન કરતાં હાઈકોર્ટે ૧ લાખનો દંડ ફટકાર્યો છે અને સચિવને વ્યક્તિગત રીતે આ રકમ ભરવા માટે આદેશ કર્યો છે.કોર્ટે સચિવને દંડની પહોંચ સાથે હાઈકોર્ટમાં હાજર થવા આદેશ કર્યો છે. હાઈકોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું છે કે આ રકમ સરકારી ભંડોળમાંથી નહીં પરંતુ અધિકારીએ વ્યક્તિગત રીતે ભરવાની રહેશે. આ રકમ વિદ્યાર્થીઓના શિક્ષણલક્ષી કાર્યો માટે વપરાશે તેવું પણ અદાલતે જણાવ્યું છે. બે શાળાઓની માન્યતા રદ કરવા બાબતેના કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટના આદેશનું પાલન ન થતાં આ કાર્યવાહી કરવામાં આવી છે.

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રથયાત્રાની તડામાર તૈયારીઓ શરૂ

અમદાવાદ,તા.૨૪

ભગવાન જગન્નાથજીની રથયાત્રાને સુવ્યવસ્થિત અને સ્વચ્છ રીતે સંપન્ન કરવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વિભાગો સજ્જ બન્યા છે. ઈજનેર વિભાગ દ્વારા ૧૩ કિલોમીટર લાંબા રૂટ પર રોડ રીસરફેસિંગ, ફૂટપાથ સમારકામ અને ડ્રેનેજ લાઈનોની સફાઈની કામગીરી પૂર્ણતાના આરે છે. સુરક્ષાના ભાગરૂપે રૂટ પરના ૬૩૩ ભયજનક મકાનો પર ચેતવણીની નોટિસો લગાવી ત્યાં બેરિકેડિંગ કરવામાં આવ્યું છે અને રથયાત્રાના દિવસે ત્યાં કર્મચારીઓ તૈનાત રહેશે. આરોગ્ય સેવા માટે મોબાઈલ મેડિકલ વાન અને તબીબોની ટીમ હાજર રહેશે, જ્યારે લાઈટ વિભાગ દ્વારા વધારાની ફ્લડલાઈટ્સ અને જનરેટર સેટની વ્યવસ્થા કરાઈ છે. ફાયર વિભાગના ૨૦૩ કર્મચારીઓ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની ટીમ પણ સતત કાર્યરત રહેશે.

## જામનગરમાં દબાણ હટાવવા ગયેલી ટીમ પર હિંસક હુમલો થતા ચાર કર્મચારીઓ ઈજાગ્રસ્ત



જામનગર,તા.૨૪

જામનગર શહેરમાં અંબર ચોકડીથી જૂના રેલવે સ્ટેશન માર્ગ પર ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરી દરમિયાન મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાની ટીમ પર સ્થાનિક તત્વો દ્વારા હિંસક હુમલો કરવામાં આવ્યો હતો. આ ટીમ જ્યારે બાવરી વાસ વિસ્તારમાં પહોંચી ત્યારે દબાણકર્તાઓએ ઉગ્ર વિરોધ શરૂ કર્યો હતો, જે જોતજોતામાં હિંસામાં ફેરવાઈ ગયો હતો. માથાભારે તત્વોએ પૂર્વઆયોજિત કાવતરાના ભાગરૂપે કર્મચારીઓની આંખોમાં અજાણ્યો ઝેરી કેમિકલ સ્પ્રે છાંટ્યો હતો અને ત્યારબાદ તીક્ષ્ણ હથિયારો, લાકડીઓ તેમજ પથ્થરો વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં વિજયસિંહ ઝાલા, ચેતનસિંહ જાડેજા, વિજય રાઠોડ અને મહીપત દાઉદીયા નામના ચાર કર્મચારીઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. દબાણ નિરીક્ષક ધર્મેન્દ્રસિંહ જાડેજાએ આ હુમલાને અસહ્ય ગણાવ્યો હતો.

## ભાવનગરમાં તમામ તાજિયા ઝુલુસની મંજૂરી આપવી એ પોલીસને સત્તા:ગુજરાત હાઈકોર્ટ




અમદાવાદ,તા.૨૪

ભાવનગરમાં મોહરમ નિમિત્તે તાજિયા ઝુલુસ કાઢવાની મંજૂરી મેળવવાનો વિવાદ ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો. અરજદાર અજમેરી નુરમહમદ તરફથી વકીલ મલય પટેલે દલીલ કરી હતી કે તેઓ વર્ષ ૨૦૦૫થી સતત આયોજન કરે છે, છતાં આ વર્ષે હજુ સુધી વહીવટી તંત્ર દ્વારા મંજૂરી આપવામાં આવી નથી. જિલ્લામાં કુલ ૩૫ જેટલી અરજીઓ થઈ હોવા છતાં તેમની અરજી અંગે કોઈ સ્પષ્ટતા ન થતાં કોર્ટના હસ્તક્ષેપની માંગ કરાઈ હતી.

સુનાવણી દરમિયાન હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે માત્ર મંજૂરી નહીં મળે તેવી આશંકાના આધારે કોર્ટ હસ્તક્ષેપ કરી શકે નહીં. દરેક અરજદારને મંજૂરી મળવી જ જોઈએ એવો કોઈ કાયદાકીય હક નથી અને જો મંજૂરી ન મળે તો અરજદાર અન્ય ઝુલુસમાં જોડાઈ શકે છે. કોર્ટે ચુકાદો આપ્યો કે જાહેર શાંતિ તેમજ સુરક્ષાને ધ્યાનમાં રાખીને મંજૂરી આપવી કે નહીં તેનો અંતિમ નિર્ણય સંપૂર્ણપણે પોલીસ સત્તાધિકારીઓ જ કરશે. આ સાથે હાઈકોર્ટે મામલાની સુનાવણી પૂર્ણ કરી હતી.

## ધારાસભ્ય ચૈતર વસાવાને રાજપીપળાથી વડોદરા સેન્ટ્રલ જેલ ખસેડવામાં આવ્યા



વડોદરા,તા.૨૪

ડેડીયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા અને તેમની પત્ની શકુંતલાબેન સહિત નવ આરોપીઓને રાજપીપળા સેશન્સ કોર્ટે ફોરેસ્ટ કર્મચારી પર હુમલો અને ખંડણીના કેસમાં દોષિત ઠેરવી સાત વર્ષની જેલની સજા ફટકારી છે.

અદાલતે ચૈતર વસાવાને સાત વર્ષની સજા સાથે કુલ રૂપિયા ૧.૪૬ લાખનો દંડ અને અન્ય આરોપીઓને ૨૫ હજારનો દંડ કર્યો છે. આ ચુકાદા બાદ તમામ આરોપીઓને રાજપીપળા જેલમાંથી વડોદરા સેન્ટ્રલ જેલ ખાતે ખસેડવામાં આવ્યા છે જ્યાં ધારાસભ્ય ચૈતર વસાવાને કેદી નંબર ૯૦૮૮૮ ફાળવવામાં આવ્યો છે અને આપની લીગલ ટીમ હવે હાઈકોર્ટમાં અપીલ કરવાની તૈયારી કરી રહી છે.

## જામનગરમાં રૂ. ૧૨૮ કરોડના બોગસ બિલિંગ કૌભાંડ મામલે પિતા-પુત્રની ધરપકડ

જામનગર,તા.૨૪

રાજ્યના સ્ટેટ જીએસટી વિભાગે જામનગર, રાજકોટ અને અમદાવાદ સહિત ૨૨ પેઢીઓમાં સર્ચ ઓપરેશન હાથ ધરીને રૂ. ૧૨૮ કરોડના બોગસ બિલિંગ રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ કૌભાંડમાં વાસ્તવિક માલની હેરફેર વગર માત્ર કાગળ પર વ્યવહારો દર્શાવીને રૂ. ૨૩.૦૮ કરોડની ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવામાં આવી હતી. આ ગંભીર કરચોરીના આરોપસર જીએસટી વિભાગે જામનગરની માંડોવરા ટ્રેડિંગ કંપનીના માલિક સુરેશચંદ્ર શાહ અને તેમના પુત્ર આયુષ શાહની ધરપકડ કરી છે. આરોપીઓએ બ્રાસ અને કોપર સ્ક્રેપના વેપારના નામે અસ્તિત્વ ન ધરાવતી બોગસ પેઢીઓ ઊભી કરી સરકારી તિજારીને મોટું નુકસાન પહોંચાડ્યું છે. હાલ આ આંતરજિલ્લા કૌભાંડ અંગે વિભાગ દ્વારા વધુ તપાસ ચલાવવામાં આવી રહી છે.

## ગાંધીનગરમાં SMCએ હોર્સફાર્મમાંથી રૂ. ૨૩.૭૬ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો



ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગરના કોબા ગામમાં આવેલા ચેહર હોર્સ ફાર્મ પર સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડો પાડીને રૂ. ૧૯.૩૬ લાખની કિંમતની ૫,૧૫૩ વિદેશી દારૂની બોટલો જપ્ત કરી છે. આ કાર્યવાહીમાં દારૂના પરિવહન માટે વપરાતી પિકઅપ વાન અને ચાર મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૨૩.૭૬ લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે. પોલીસે રાજસ્થાન અને મહેસાણાના ત્રણ આરોપીઓ સહિત એક કિશોરને ઝડપી પાડી ઈન્ફોસિટી પોલીસને સોંપ્યા છે, જ્યારે ત્રણ શખ્સોને વોન્ટેડ જાહેર કરાયા છે. આરોપીઓ આ હોર્સ ફાર્મનો ઉપયોગ દારૂના ગોડાઉન તરીકે કરતા હતા. હાલ પોલીસ આ આંતરરાજ્ય નેટવર્કની વધુ તપાસ કરી રહી છે.




## ગિફ્ટ સિટીમાં વિદેશી દારૂ પર કર રાહત આપતુ જાહેરનામુ પ્રસિધ્ધ



ગાંધીનગર,તા.૨૪

ગુજરાતના ગિફ્ટ સિટીને વૈશ્વિક નાણાકીય હબ તરીકે વધુ આકર્ષક બનાવવા માટે રાજ્ય સરકારના નાણા વિભાગે ૨૩ જૂન ૨૦૨૬ના રોજ એક મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડ્યું છે. ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ (VAT) અધિનિયમ હેઠળ કરાયેલા આ સુધારા મુજબ, ગિફ્ટ સિટીની મંજૂર થયેલી વાઈન એન્ડ ડાઈન સુવિધાઓમાં પીરસાતા વિદેશી દારૂ પર વસૂલાતો કર ૨૫ પૈસા પ્રતિ રૂપિયા કરતાં વધુ હશે તો વધારાનો કર માફ કરવામાં આવશે. નોંધણી થયેલા એફ.એલ.૩ લાયસન્સ ધરાવતા ડીલરોને આ રાહતનો લાભ મળતા વિદેશી દારૂના ભાવમાં ધરખમ ઘટાડો થશે. ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં, ગિફ્ટ સિટીમાં કાર્યરત આંતરરાષ્ટ્રીય કંપનીઓ, વિદેશી રોકાણકારો અને વ્યવસાયિકોને વિશ્વ સ્તરની સુવિધાઓ તેમજ સાનુકૂળ વ્યાવસાયિક વાતાવરણ પૂરું પાડવાના ઉદ્દેશ્યથી સરકાર દ્વારા આ ખાસ છૂટછાટ આપવામાં આવી છે.

